Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in

RNI રજી. બાદ વર્ષ : ૧૫ • અંક : ૩૫ • તા. ૨૫ થી ૩૧ ઓગસ્ટ ૨૦૧૨ • વાર્ષિક લવાજમ ₹ ૫૦ • Regn.No.MH/MR/East/53/2012-14

## પ્રકાશ-સમીક્ષાની કેડી કંડારનારને પાંચમી પુણ્યતિથીએ સ્મરણાંજલિ...



**શ્રી સનત શાહ**

(મોટીસિંધોડી-સાયન-મુંબઈ)

અરિહંતશરણ : તા. ૩૦-૮-૨૦૦૭

પ્રગટ શબ્દો કરતાં અનેકગણી અકથ્ય વેદનાને હૈયે ધરબી
જ્ઞાતિ પ્રકાશની તપોભૂમિમાં તમારું તર્પણ
જ્ઞાતિદાઝથી રોમ રોમ પલ્લવિત અને સમાજહિત માટે સમર્પણ
પ્રતાપી પુર્વજોના તેજોપુંજના કિરણોના સ્પર્શસમ તમારું સ્મરણ...

– પ્રકાશ સમીક્ષા પરિવાર

# મૃત્યુમાં અમૃતમ્ ગમય...



(જીવનયાત્રા : તા.૪-૨-૧૯૩૦ થી તા.૩૦-૮-૨૦૦૭)

## સ્મૃતિ સધન સમૃદ્ધ

## દમયંતી શાહ અને પરિવાર

# શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થીસંઘના ઉપક્રમે ૫૯મા સ્થાપનાદિન નિમિત્તે નાટ્યપ્રયોગ
## સ્થળ : કવિ કાલિદાસ સભાગૃહ–મુલુન્ડ (મુંબઈ) તા.૧૨–૮–૧૨ સાંજે ૮ કલાકે


દિપ પ્રાગટ્ય કરતા શ્રીમતી રાજુલ અને ભદ્રેશ પટેલ


દિપ પ્રાગટ્ય કરતા શ્રી ચેતન મોતા અને અનુજ લોડાયા


નવકાર પઠન સમયે પ્રેક્ષક જ્ઞાતિજનો


સૌને આવકારતા પ્રમુખ શ્રી અનુજ લોડાયા


મુખ્ય અતિથીવિશેષ શ્રી કમલેશ વિકમશી


મુંબઈ મહાજન પ્રમુખ શ્રી નયન ભેદા


વિદ્યાર્થીસંઘના સ્થાપકો પૈકી એક શ્રી શીવજીભાઈ વિકમશી


દાતા પ્રતિનિધી શ્રી દિપેશ પી. મોતાનું બહુમાન


સંચાલન કરતા કુ. ભક્તિ દંડ અને તેજસ ખોના


કાર્યક્રમ પ્રસંગે પધારેલા મહાનુભાવો


"ચાલ, ઈશ્વર-ઈશ્વર રમીએ"નું એક દૃશ્ય


શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થીસંઘની ટીમ

**✻ આ કાર્યક્રમના સહયોગી દાતાશ્રીઓ ✻**

શ્રી પદમશી લધુભાઈ સોની (સુથરી-જુહુ), શ્રીમતી રાજુલબેન ભદ્રેશ પટેલ (સાંયરા-મુલુંડ)
શ્રીમતી સીમાબેન લખ્મીભાઈ મોમાયા (ગાંધીધામ), શ્રી લક્ષ્મીચંદ ધારશી મોતા (લાખણીયા-વડાલા)
માતુશ્રી લીલબાઈ વસનજી ખોના પરિવાર (નલિયા-ગોવંડી)

**શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થીસંઘ વતી સર્વે જ્ઞાતિજનોને મિચ્છામિ દુક્કડમ્**

# વર્ધમાનનગર (ભુજ)માં પૂ.અચલગચ્છાધિપતીશ્રીની નિશ્રામાં ૨૪ તીર્થંકર શ્રેણી મહાપુજન સંપન્ન

## લાભાર્થી : માતુશ્રી કસ્તુરીબાઈ હીરાચંદ મુનવર પરિવાર (કોઠારા) હ. સૌ. જ્યાબેન પ્રબોધ મુનવર


પુજનવિધિમાં શ્રી પ્રબોધ મુનવર સપરિવાર


મહાપૂજન વિધિમાં આરાધક પરિવાર


પુજનવિધિમાં સહભાગી લાભાર્થી પરિવારજનો


પુજનવિધિમાં માતુશ્રી કસ્તુરબાઈ મુનવર પરિવારજનો


પુજનવિધિમાં આરાધક બહેનો


૨૪ તીર્થંકર પુજન પ્રસંગે ઉપસ્થિત ભાવિકો


૨૪ તીર્થંકર પુજન પ્રસંગે ઉપસ્થિત શ્રાવકગણ


૨૪ તીર્થંકર પુજન પ્રસંગે ઉપસ્થિત શ્રાવિકાગણ




## હાર્દિક અભિનંદન !

**શ્રી સતીશ દેવજી મૈશેરી (નલીયા-બેંગ્લોર)ને કચ્છશક્તિ-૨૦૧૨ એવોર્ડ પ્રાપ્ત કરવા બદલ હાર્દિક અભિનંદન અને ઉત્તરોત્તર પ્રગતિની શુભેચ્છાઓ!**

~ શુભાશિષ ~

**માતુશ્રી વિજ્યાબેન રતીલાલ આણંદજી લોડાયા**
**સમસ્ત પરિવાર (બાંઢિયા-નાશિક)**

**સર્વ જીવોને મિચ્છામિ દુક્કડમ્**

| આદ્યતંત્રીઓ |
| --- |
| **"પ્રકાશ"** |
| ડો. વેલજી પાશ્વીર ગોસર |
| **"સમીક્ષા"** |
| સનત્ શાહ અને |
| ગોવિંદજી જીવરાજ લોડાયા |
| **"પ્રકાશ સમીક્ષા"** |
| સનત્ શાહ |

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
**: સહતંત્રી :**
ચંપક જીવાણી

**: કાર્યાલય :**


**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**
**C/o. Shri. R. R. Nagda,**
**29/41, Tamarind Lane,**
**Behind Poornima Restaurant,**
**Rajabahadur Comp,**
**Nr.Stock Exchange Bldg,**
**Fort, Mumbai - 400 001.**

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**ચાલુ અંક માટે મેટર સ્વીકાર માત્ર મંગળવાર સુધી**

**જાહેરાત દર**

| સાઈઝ | B/W | રંગીન |
| --- | --- | --- |
| આખું પાનું | ૩૦૦૦ | ૬૦૦૦ |
| અડધું પાનું | ૧૫૦૦ | ૩૦૦૦ |
| પા પાનું | ૭૫૦ | ૧૫૦૦ |
| ૧/૮ પાનું | ૪૦૦ | – |
| ૧/૧૬ પાનું | ૨૫૦ | – |

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર...**
**www.prakashsamiksha.com**
**E-mail:kdo_prakash@yahoo.co.in**


**નોંધ: આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.**


# તંત્રી સમીપે : સતત પાંચ દાયકા સુધી નિર્ભીક કલમનું રખોપું કરનાર સનતભાઈએ સ્મરણાંજલિ

ફેબ્રુઆરી ૧૯૫૨માં "સમીક્ષા"નો પ્રથમ અંક પ્રગટ થયો. તેને આવકારતાં તે વખતના એક અગ્રગણ્ય જ્ઞાતિકર્મી ડો. મેઘજી વેલજી ધરમશીએ લખ્યું હતું :

"...ઉગતા અને બાહોશ લેખક શ્રી સનતભાઈના તંત્રીપણા હેઠળ "સમીક્ષા" ફુલે, ફલે અને શાશ્વત લીલુંછમ રહી જ્ઞાતિસેવાના માર્ગે વણઅટક્યું આગે કુછ કરે એવી મારી અંતરની ભાવના છે. આપના પત્રને હું સર્વ વાતે સફળતા ઇચ્છું છું..."

તે વખતે સનતભાઈની ઉમર હતી ૨૨ વર્ષ.

પોતાના પ્રથમ તંત્રીલેખમાં "સમીક્ષા"ના પ્રકાશન અંગેના હેતુ-ઉદ્દેશ્યની માંગણી સનતભાઈએ આ રીતે કરી :

"... પણ જેને માટે જ પત્રનું પોતાનું અસ્તિત્વ છે એવી અનિવાર્ય શરત તો માત્ર નિજરંગે રંગાયેલા વિચારોની રજુઆત કરવાને બદલે સ્પષ્ટતાથી નિડર વક્તવ્યની રજુઆત અને વિચાર વિનિમય દ્વારા એક બીજા પ્રત્યે સહકાર અને સહિષ્ણુતાનો ઉદય, યોગ્ય પ્રસંગે સુચક માર્ગદર્શન અને એ દ્વારા સમાજના માનસિક કલેવરના ઘડતરની છે...."

આમ એ પીઢ સામાજીક કાર્યકર ડો. મેઘજીભાઈની દીર્ઘદષ્ટિ, જાણે કે નવયુવક સનતભાઈના સામર્થ્યને પીછાણી ચૂકી હોય અને તેમનું તંત્રીપદ એ પ્રકાશનને વણઅટક્યું લીલુંછમ રાખશે જ, એવી શ્રધ્ધા સાથે અગોતરી ભવિષ્યવાણી કરી રહી હોય અને સામે પક્ષે સનતભાઈએ એ આગાહી પહેલાંથી જ આત્મસાત કરી લીધી હોય તેમ જ્ઞાતિ સમક્ષ જ્ઞાતિપત્રની ભૂમિકા વિષે સ્પષ્ટતા કરવા ઉપરાંત જ્ઞાતિને પરસ્પર સહકાર અને ભૂમિકા વિષે સહિષ્ણતાલક્ષી અભિગમ કેળવવાનો કોલ આપ્યો એમાં સનતભાઈની યુવા વયે જ એક ધીરગંભીર તંત્રી તરીકેની પરિપક્વતા પ્રતીત થાય છે તેમ અતિશયોક્તિ વિના કહી શકાય.

પોતાની કિશોરાવસ્થામાં બાળમાસિક "રમકડું" અને અન્ય પ્રકાશનોમાં બાળવાર્તાઓ અને અન્ય બાળઅંકોમા દ્વારા સનતભાઈનાં કલ્પના સુઝ અને લેખનશક્તિને જે દોર મળ્યો તેને તેમણે બે-ત્રણ વર્ષોમાં જ તત્કાલીન સામાજીક વિષયો અને જ્ઞાતિપ્રશ્નો પરત્વે ચિંતન-મનનમાં પરિવર્તીત કર્યો. આ રીતે પોતાના શરૂઆતના લેખોમાં તેમણે જ્ઞાતિના યુવાવર્ગને જ્ઞાતિ પ્રત્યે અભિમુખ કરવા અંગે પણ મહત્વ આપ્યું જેને લીધે ઓગસ્ટ ૧૯૫૪માં વિદ્યાર્થીસંઘની સ્થાપના કરવામાં તથા ડિસેમ્બર ૧૯૫૪માં વિદ્યાલય અને વિદ્યાર્થીગૃહના સુવર્ણ જયંતિ મહોત્સવની ઉજવણીમાં શ્રી શીવજી કુંવરજી વિકમશી, કાનજીભાઈ મુનવર, ગોવિંદજી પુનશી મોમાયા અને અન્ય યુવા કાર્યકરોની સાથે તેમણે આગળ પડતો ભાગ લીધો. આમ એક યુવાશક્તિ તૈયાર થઈ જેને લીધે જ્ઞાતિને તે પછીની અડધી સદી સુધી અનેક પ્રતિભાવંત સમાજકર્મીઓ મળ્યા, જેમણે શ્રી અરિહંત બેંક, શ્રી અનંતનાથજી ટ્રસ્ટ, શ્રી મુંબઈ મહાજનશ્રી, વિદ્યાલય, વિદ્યાર્થીગૃહ, જેવી અનેક સંસ્થાઓમાં અગ્રિમસ્તરની સેવાઓ આપી અને હજી પણ આપી રહ્યા છે.

સનતભાઈની વણથંભી કલમે "સમીક્ષા" અને "પ્રકાશ-સમીક્ષા" (૧૯૫૭)ના માધ્યમે તંત્રીલેખો અને "પ્રવૃતિ-પડઘા અને પડછાયા" વિભાગમાં અન્ય લેખો દ્વારા પંચાવનેક વર્ષો સુધી જે મુખ્ય ઘટનાઓ / પ્રવૃતિઓ વિષે મુદ્દા ઉઠાવ્યા તેમાં ૧૯૫૦-૫૫ના સમયગાળામાં મુંબઈની મહાજનવાડીમાં સીંધી નિરાશ્રિતો દ્વારા થયેલ અતિક્રમણ હઠાવવાની બાબતે મધ્યસ્થ મહાજનની આવશ્યકતા વિષે છેક ૧૯૬૦થી "નાની ન્યાત"નું મુખ્ય જ્ઞાતિમાં વિલીનીકરણ કરવાની આવશ્યકતા બાબતે, ૧૯૬૫થી ૧૯૬૯ દરમ્યાન શ્રી અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ વિરૂધ્ધ મુંબઈ મહાજનની સામાન્ય સભાએ પસાર કરેલ

અવિશ્વાસના ઠરાવ અંગે અને તે પછી મુંબઈ મહાજનશ્રીના બંધારણ તથા શ્રી અનંતનાથજી ટ્રસ્ટની સ્કીમની જોગવાઈઓના અર્થઘટનના મુદ્દે તથા નાની ન્યાતના સભ્યોના મુંબઈ મહાજનમાં સભ્યપદ મેળવવાના મુદ્દે અને અનંતછાયાના ૬૪ ફ્લેટોની ફાળવણી બાબતે થયેલ ચેરીટી કમીશ્નર સમક્ષ અને સીટી સીવીલ કોર્ટ તેમજ મુંબઈ હાઈકોર્ટમાં થયેલ વીસેક કેસ-કાર્યવાહીઓમાં ઉપસ્થિત થયેલ કાનૂની મુદ્દાઓની છણાવટ કરવા સાથે ટ્રસ્ટીઓ અને જ્ઞાતિ અગ્રણીઓને (બંને પક્ષોને) વિશાળ જ્ઞાતિહિતમાં સમાધાન પર આવવા કરેલ અપીલો, ૧૯૭૯ અને ૧૯૯૧ના બંને જ્ઞાતિ સંમેલનો બોલાવવા તથા તેમાંની કાર્યવાહીઓ વિષે વિસ્તૃત પૃથક્કરણ અને ૨૦૦૬માં શ્રી અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ શરૂઆતમાં આપેલ રાજીનામાં અને તે પછી તે પાછા ખેંચવા કરેલ કાર્યવાહી અને તે બાબતે મુંબઈ મહાજનશ્રીએ રાજીનામા સ્વીકારવાના કરેલ ઠરાવ બાબતે કોર્ટમાં કાર્યવાહી થઈ તે ઘટનાક્રમનું વિશ્લેષણ એમ વખતોવખત, જ્ઞાતિજનોને ટ્રસ્ટો, મહાજનો અને એકમો દ્વારા થતી જ્ઞાતિ પ્રવૃતિઓ વિષે ઉપયુક્ત માહિતી અને માર્ગદર્શન આપવા સાથે, જ્યારે જ્યારે તેમાં ઉદાસીનતાં નિષ્ક્રિયતા અને નિરાશાજનક કાર્યવાહી ઉદ્‌ભવી ત્યારે ત્યારે તેમણે ચેતવણી અને જાગરૂકતાની હાકલો કરવા તેમજ વિશાળ જ્ઞાતિહિતને અનુલક્ષીને પ્રગતિશીલતા, આધુનિકતા, સાવધાની અને સમાધાનકારી અભિગમો અપનાવવા માટે તેમની કલમ કોઈના શેહ કે છોછ રાખ્યા વિના અને નીડરતાથી સામે પ્રવાહે એકલપંડે પડકાર ઝીલતી હોય તેમ પોતાના અભિપ્રાયને મંતવ્યોને સતત ૫૫ વર્ષો સુધી મોકલવાની ઉઘાડે છોગ વ્યક્ત કરતી રહી હતી.

"પ્રકાશ-સમીક્ષા"ના અસ્તિત્વના પાયામાં, સનતભાઈની કલમ નિષ્ઠામાં અંગીભૂત થયેલી નિષ્પક્ષતા, નીડરતા અને સ્પષ્ટ વક્તવ્યતાની આ વિશિષ્ટતાઓ જડબેસલાકપણે સ્તંભિત બની છે.

એટલે જ, અસ્થૂળપણે પણ સનતભાઈની પ્રેરણામૂર્તિ દિશાસૂચન કરતી હોય તેમ વખતોવખત અનુભવાયું છે. અને અનેકવાર બોલાતા કે લખાતા શબ્દોમાં તેઓ અનાયાસે વ્યક્ત પણ થતા રહે છે.

એ રીતે, સનતભાઈએ હજી પણ સજીવારોપણ સમાસની જેમ અને પરકાયાપ્રવેશના માધ્યમ દ્વારા "પકાશ-સમીક્ષા" સાથેના પોતાના ઋણાનુબંધ તંતોતંત સાચવી રાખ્યા છે.

સનતભાઈ કેવળ સ્મૃતિશેષ જ છે એમ કેમ કહી શકાય ? - **રા.**


Since 1984...
**Lagna Deep**



બી-૧૩, જલારામ આશિષ, દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)

**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ ઝરી, ચોકબંધ ઘરચોળા**

- રીયલ બટકસબની સાડી બોર્ડર • પીટ્ટાતાર ભરતની સાડી
- કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
- બ્રાઈડલ ચણીયા ચોળી • ડીઝાઈનર સાડી
- પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી

ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.
(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)
જુના ઘરચોળા લેવામાં આવશે.
**Mob.: 7666688881**
ગુરૂવાર બંધ

**મિચ્છામિ દુક્કડમ્**

અમારા પૂજ્ય ભાઈઓ, બહેનો, દીકરીઓ, જમાઈઓ, સગાં-સંબંધીઓ, સ્નેહીઓ-બધાજ મિત્રો અને શ્રી ભલારાદાદા પરિવાર તથા ગુરૂ ભગવંતો, યતિશ્રી મોતીસાગરજી મ.સા. અને તપસ્વીઓ બધાને અમારા મિછ્છામિ દુક્કડમ્....



**~ ક્ષમાપ્રાર્થી ~**
સ્વ. શા. આણંદજી શીવજી લોડાયા પરિવાર
સ્વ. શા. જીવરાજ આણંદજી લોડાયા
સ્વ. શા. ખીમજી આણંદજી લોડાયા
સ્વ. શા. રતિલાલ આણંદજી લોડાયા
શા. નવીનચંદ્ર આણંદજી લોડાયા
અમદાવાદ તથા નાસીકવાળાઓના
સૌને મિચ્છામિ દુક્કડમ્

## "ઈશ્વર"ને સાચવતા ઈશ્વરને... – પ્રવીણ લોડાયા (વડોદરા)

આપ સૌને વંદન, સલામ, નમસ્કાર, સાષ્ટાંગ દંડવત પ્રણામ,

આ બધું માતા-પિતાના એક વિશેષ વર્તુળ (જુથ) માટે છે. પઝલ લાગે છે ને? આપ સૌને થતું હશે કે માતા-પિતાનું વળી વિશેષ વર્તુળ શું હોઈ શકે?

આ પ્રશ્નનાં જવાબમાં જણાવવાનું કે જે મા-બાપના ઘરે માનસિક, શારીરિક કે પછી માનસકિ અને શારીરિક કે એમ બન્ને રીતે રીટાર્ટેડ બાળકનો જન્મ થયો હોય તે તમામ (પરમ આદરણીય) માતા-પિતાને આ લેખ દ્વારા વંદન કરવા છે.

એવું જોયું, જાણ્યું અને અનુભવ્યું છે કે જેમને ત્યાં રીટાર્ડેડ બાળકનો જન્મ થયો હોય તે મા-બાપ તેમનાં એ બાળકનું ખૂબ ખૂબ સરસ રીતે જતન કરતાં હોય છે અને તે જતનનો દરજ્જો "પૂજા"થી જરાય ઉતરતો નથી.

આપણે ત્યાં કદરદાની (sense of appreciation)નો દુકાળ પ્રવર્તે છે. આપણી રૂઢ પરંપરામાં ખણખોદ અને કૂથલીને જે મહત્વ મળ્યું છે, તેનાથી ચોથા ભાગનુંય મહત્વ પ્રશંસા કે વખાણને મળ્યું નથી!

પણ આજે કદરદાનીના અભાવના આ શાપમાંથી મુક્ત થઈને આવા બાળક ધરાવતા તમામ વાલીઓની નતમસ્તકે, નમ્રતાપૂર્વક અને નિ:સ્વાર્થભાવે પ્રશંસા કરવી છે.

આવા સંતાનના વાલીઓ તેમનાં સંતાનને માત્ર ભરપૂર પ્રેમ જ કરે છે એવું નથી. ખરેખર તો એવું દેખાય છે કે પોતાને ત્યાં જન્મેલો બાળક શક્ય તેટલું વધારે સુખ પામે તો અહોરાત્ર પ્રયત્નો દરેક મા-બાપ કરતાં હોય છે.

માનસિક રીતે બાળકના માતા-પિતાનું સ્થાન સૌથી ઉંચેરું છે. "તીર"ના આસન પર બેસીને તપ કરવું અને આવા સંતાનના મા-બાપ હોવું તે એકસરખી ઉંચાઈ પર બનતી ઘટના છે.

આવા બાળકના માતા-પિતા પોતાનો જીવનક્રમ આવા સંતાનને કેન્દ્રમાં રાખીને ઘડે છે અને પોતાનું સર્વસ્વ હોમી દેવાની ભાવનાથી આવા બાળકનો ઉછેર હસતાં હસતાં અને ઈશ્વર સામે કશી જ ફરિયાદ કર્યા વગર કરે છે.

આપણે ત્યાં તપ કરવું એટલે વસ્ત્રો બદલવા, જંગલમાં ચાલ્યા જવું, મંદિરમાં જવું, ધ્યાન કરવું, માળા ફેરવવી, વગેરે રિવાજ થઈ ગયા છે. પરંતુ સંસારમાં સર્જાતા અગ્નિકુંડ પર બેસીને તપ કરતા સદ્‌ગૃહસ્થો અને સન્નારીઓનાં કુટુંબોમાં બનતી ઘટનાને સમાજે સાવ સહજ ભાવે લઈ લીધી છે.

પણ ના, એવું નથી. આવા સંતાનના મા-બાપ હોવું તે સંસારમાં રહીને તપ કરવાની જ ઘટના છે. વળી, સૌથી મોટી અને નોંધપાત્ર વાત તો એ છે કે આવા સંતાનના મા-બાપ કશી જ લઘુતાગ્રંથિ અનુભવ્યા વગર પોતાના બાળકનો ઉછેર કરે છે.

દરેક પ્રવાસ, સામાજિક સમારંભો, સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરે તમામ સ્થળે પોતાના આવા સંતાનને (બા-અદબ-બા મુલાયઝા) સાથે રાખે છે.

ઈશ્વરની જાણે વિશેષ પ્રસાદી હોય તેમ સમજીને આવા બાળકને હૃદયપૂર્વક સ્વીકારે છે.

ઉપર જે વાત લખી છે તે સામાન્ય સ્થિતિનાં માતા-પિતાની જ નથી. સમાજમાં મોભાદાર, અગ્રણી, સક્રિય ગણાતા લોકોને પણ આ વાત યથાતથ સ્પર્શે છે. ઈશ્વર કોને, શું, ક્યારે અને કેવું આપે તેનો કોઈ તાળો જ મળતો નથી.

ત્યારે ઈશ્વર દ્વારા પોતાની ઝોળીમાં નંખાયેલા આવા બાળકનો અદ્‌ભુત ધૈર્યથી ઉછેર કરનાર જગતના દરેક માતા-પિતાને કહેવું છે કે આપ જે કર્મ કરો છો તે ઈશ્વરની સમકક્ષ આપને મૂકી આપે તેવું છે.

કારણ કે આપ આપના બાળક માટે તો ઈશ્વર જ છો તે નિશ્ચિત છે. એટલે ઈશ્વરના એક માનવીય સ્વરૂપને (એટલે કે આપ સૌને) જેટલા વંદન કરીએ એટલા ઓછા છે.

વ્યક્તિની ઉંચાઈ સામે જ્યારે શબ્દ નાના પડે ત્યારે સમજવું કે "શબ્દે" પોતાનું કામ શ્રેષ્ઠ રીતે કરી લીધું છે. એ ભાવ સાથે આ વાત અહીં પૂર્ણ કરીએ.


**વગર દવાએ સરળ ઉપચારથી**
**રજવાડીઠાઠથી જીવવાની કળા**

હાર્ટના બ્લોકેજેસ ઓછા કરવા • કમર અને સાઈટીકાનો દુખાવો • સ્પોંડીલાઈસીસ • ઘુંટણનો દુઃખાવો • માઈગ્રેન • ડિપ્રેસન • વજન ઘટાડવુ • અન્યરોગોના ઈલાજ માટેની સલાહ અને ઉપાયો કોઈપણ જાતની દવા આપ્યા વગર તેમજ આપ લો છો એ દવા બંધ કરાવ્યા વગર ફક્ત બાહરી ઉપચાર, કોઈપણ આડઅસર વગર, જોખમ વગર અને લાભકારી નીચેની અલ્ટરનેટીવ થેરાપીને ઉપયોગ કરી • મેરીડીયન મસાજ થેરાપી એક્યુપ્રેસર થેરાપી • પાસ થેરાપી • બુંહાગ ઈન્સટ્રુમેન્ટ બધી મેરીડયનોલોજી પર આધારિત તેમજ નેચરોપેથી થેરાપીના નિષ્ણાત.

**આપના ઘરે આવીને તપાસીને સચોટ ઈલાજ કરવામાં આવશે**

Raajendra S. Shah (Sr. therapist) Matunga, Mumbai.
Mob.: 9820002953 • Tel.: 022-24121234

## પ્રકાશ-સમીક્ષા યાત્રા

***“સમીક્ષા” વાર્ષિકમાંથી માસિક થયા બાદ ૬૦ વર્ષ પૂર્વે તા.૫-૨-૧૯૫૨માં ક.દ.ઓ. સમીક્ષાના પ્રારંભના અંકોમાં પ્રકટ થયેલ કેટલાક પસંદગીના તંત્રીલેખોમાંથી કેટલાક અત્રે પ્રસ્તુત કરેલ છે. જે વાંચતા તે હકિક્ત આજે પણ એટલીજ પ્રસ્તુત છે. ત્યારે તંત્રીઓ શ્રી સનત્ શાહ અને શ્રી ગોવિંદજી જીવરાજ લોડાયા હતા. “સમીક્ષા”નું મુદ્રાલેખ (મંત્ર) હતું, “તમસો મા જ્યોતિર્ગમય” ઉંડા અંધારેથી, પભુ પરમ તેજે તું લઈ જા, મહા મૃત્યુમાંથી અમૃત સમીપે નાથ લઈ જા.***

### “સમીક્ષા”ના તંત્રી લેખ : સેવા અને સહકાર



યુવા સનત્ શાહ

**મંગલાચરણ...**

“સમીક્ષા”ના પ્રકાશનની એકાદ મહિના પહેલાં થયેલી ઓચિતી જાહેરાતથી ઘણાને આશ્ચર્ય થયું અને સંભવ છે કે કેટલાકને આ પગલું પહેલી નજરે ઉતાવળું પણ લાગ્યું હોય.. પરંતુ વાસ્તવિકમાં સમીક્ષાના પ્રકાશન માટેનો નિર્ણય બહારથી જણાય છે. એટલી ત્વરાથી લેવામાં આવ્યો નથી.. ઘણા લાંબા સમયથી આવીજ એક યોજનાને નક્કર સ્વરૂપ આપવાની વિચારણા ચાલતી હતી, પરંતુ એ સમય દરમિયાન કેટલાંક એવા કારણો ઉપસ્થિત થયાં કે જેને લઈને આ યોજનાનાં અમલમાં કૈંક વિલંબ થયેલ કેટલાક સમય બાદ આજે જ્યારે એક સ્વપ્ન સિધ્ધ થાય છે ત્યારે સ્વાભાવિક રીતેજ સમાજસેવાનાં સાધન તરીકે આ પત્રને આપની સમક્ષ રજુ કરતાં હર્ષ થાય છે.

**નિષ્ફળ પ્રયાસો**

આ યુગમાં પ્રગતિ પ્રચારના સાધન તરીકે પત્રનું સ્થાન અતિ મહત્વનું છે. એટલે જ્ઞાતિ પત્ર પ્રકટ કરવાના “સમીક્ષા”થી પહેલાં પણ ત્રણ ચાર પ્રયત્નો થઈ ચુક્યા છે, પરંતુ એમાં એકાદ અપવાદ સિવાય બીજા પ્રયત્નોને તો થોડો સમય પણ પોતાનું અસ્તિત્વ પણ ટકાવી રાખવાનું સદ્ભાગ સાંપડ્યું નથી. આની પાછળ અનેક કારણો ગણી શકાય, પણ મુખ્ય કારણો તરીકે આર્થિક નબળી બાજુ અને કાબેલ વ્યવસ્થા શક્તિનો અભાવ લેખી શકાય. આમાં પણ કદાચ બીજુ કારણ મુખ્ય હોય.

પરંતુ આ તો માત્ર પત્રના અસ્તિત્વને ટકાવી રાખવા પૂરી વાત થઈ. પણ જેને માટેજ પત્રનું પોતાનું સમીક્ષા અસ્તિત્વ છે એવી અનિવાર્ય શરત તો માત્ર નિજરંગે રંગાયેલા વિચારોની રજુઆત કરવાને બદલે સ્પષ્ટતાથી નિડર વક્તવ્યની રજુઆત અને વિચાર વિનિમય દ્વારા એક બીજા પ્રત્યે સહકાર અને સહિષ્ણુતાનો ઉદય, યોગ્ય પ્રસંગે સુચક માર્ગદર્શન અને એ દ્વારા સમાજના, માનસિક કલેવરના ઘડતરની છે. સંભવ છે કે આગલા પત્રોની નિષ્ફળતા આવા કારણોને લઈને પણ હોય.

**ઢાલની બીજી બાજુ**

આ પહેલાનાં પ્રકાશનોનો કરૂણ વિલય અમારા ધ્યાન બહાર નથી; અને એટલેજ અમારા પ્રયાસો નાહિંમત ન બનતાં વધુ દ્રઢ બન્યા છે. અલબત્ત, આ તો સંચાલનની એક બાજુ જોઈ. ઢાલની બીજી બાજુ જોતાં આ પત્રનો આધાર એટલોજ તમારા પર રહે છે, સમાજ પર રહે છે. વાંચકો અને જ્ઞાતિ આ પ્રયાસને કેવી રીતે સ્વીકારે છે, એની અસર પણ નાની સુની ન ગણાય.

**જીવતી જાગતી સંસ્થા**

પત્ર દ્વારા માત્ર મંતવ્યની, રજુઆત કરવી એટલાથીજ આ કાર્યની સાસ્તિ નથી થતી. આ કાર્ય તો ત્યારેજ સિધ્ધ થઈ શકે કે જ્યારે વિચારોને “પોથી માંનાં રીંગણાં”જ રહેવા દેવાને બદલે કાર્યમાં ઉતારવાના પ્રયાસો થાય.

એટલે “સમીક્ષા” દ્વારા નિડર, સ્પષ્ટ, પ્રેરક અને દર્શક વિચારોના રજૂઆતજ નહીં પણ એને અનુરૂપ સાંસ્કારિક પ્રવૃત્તિઓનું સચાલન કરવાનો પણ આ પત્રના અનેકવિધ ઉદ્દેશોમાંનો એક આશય છે. આમ સમીક્ષા એ માત્ર પત્રજ નહીં પણ લોકસંપર્ક કેળવતી જીવતી જાગતી સંસ્થા બની રહેશે.

**સૌની જવાબદારી**

પણ આ બધું સમીક્ષા ત્યારેજ કરી શકે કે જ્યારે સમાજની એકએક સેવાભાવી, સંસ્કારી અને વિચારશીલ વ્યક્તિ આ પ્રશ્ન પરત્વે પોતાનું ધ્યાન કેન્દ્રિત કરે.

આપણી કોમને સ્વતંત્ર હિંદના એક સ્વાયત્ત અને સમૃધ્ધિશીલ એકમોની ગણતરીમાં મુકવાની જવાબદારી આપણી છે, એક જમાનો એવો હતો કે પ્રજાના ઉત્કર્ષ કે અપકર્ષના આધાર રાજ્ય ઉપર રહેતો **(યથા રાજા તથા પ્રજા)**. આજે પ્રજાના ઉત્કર્ષ કે અપકર્ષ પર રાજ્યનો આધાર રહે છે. સમાજના એકમો જે વ્યવસ્થા અને

સગવડતાના આદર્શ ઉપર ઉભા કરવામાં આવ્યા છે તેને જો સંકુચિત દૃષ્ટિથી કે આપ મતલબીયા સ્વાર્થથી રૂંધી રાખવામાં આવશે તો-આપણા દૃષ્ટીમર્યાદાના વર્તુળને વિસ્તૃત કરવામાં નહીં આવે તો-સમાજને ટકાવી રાખવો મુશ્કેલ પડશે. આજના સ્વરૂપમાં સમાજ ન જ ટકી શકે. એણે ટકવું હોય તો યોગ્ય ફેરફારો કરવાજ રહ્યા. અલબત્ત, આ ફેરફારો. એકદમ કરી શકાય નહીં થઈ પણ શકે નહીં. ધીરેધીરે પચાવી લેવાની શક્તિ મેળવતાં આ ફેરફારો સ્વભાવિક બની જશે, પણ બંધિયાર હાલત વધુ ટકી શકે એવો સંભવ નથી, ને તેમ છતાં એને ટકાવી રાખવાનો હઠાગ્રહ રાખવામાં આવે તો ભય એ છે કે ખરાબની સાથે સમાજના સારા તત્વોનો પણ નાશ થઈ જશે, સુકાની સાથે લીલું પણ ભડભડ બળીને રાખ થશે.

**શ્રધ્ધા સાથે**

સંક્રાંતિના આ તબક્કે જ્યારે આખું જગત કસોટીના કપરા સંકજામાંથી પસાર થઈ રહ્યું છે ત્યારે અનિચ્છા તોય એવી નિષ્ક્રિયતાનો ત્યાગ કરી પોતાથી બનતું બધું કરી છુટવાની ધગશ અને કાર્ય દરેક વ્યક્તિની ફરજ બની રહે છે. અમને શ્રધ્ધા છે કે સમાજની પ્રત્યેક વ્યક્તિ સમીક્ષાના આ આદર્શને સફળ કરવામાં સપૂર્ણ સહકાર આપી રહેશે.


મિચ્છામિ દુક્કડમ્

**Limited Stock...**
**એમ્બ્રોડેરીની સેમ્પલ સાડીઓ અડધા ભાવે**
**મહાવીર એમ્બ્રોડેરી-માટુંગા (CR) માં...**

- હેન્ડ વર્ક-મશીન વર્ક પારસી સાડીઓનો નવો સ્ટોક
- Real અને Tested જરીની સાડી, ચણીયાચોળીમાં અનેક વેરાયટી.
- કસબ-બટકસબ ઝીંક કસબની સાડી, બોર્ડરમાં નવી ડીઝાઈનો આવેલ છે.
- લગ્ન તથા શુભ પ્રસંગને અનુરૂપ Designer સાડીઓ. તમારી જુની સાડી ચણીયા-ચોળી સેલા ઓલ્ટ્રેશન કરી Designer Look બનાવી આપશું.
- પ્લેન પોત તથા બાંધણી માટે Fancy બોર્ડર મળશે.

**ફક્ત સાચી જરીની જુની સાડીઓ-બોર્ડરો અને ઘરચોળા સારા ભાવે વેંચાતા લઈશું**

**મહાવીર'સ એમ્બ્રોઇડરી**

મહાવીર બીલ્ડીંગ કંપાઉન્ડ, ભંડારકર રોડ, માટુંગા (સે.રે.), મુંબઈ-400019.
ફોન : 24025070, 65046030, 8652239537
www.mahavirembroidery.in (Sunday Closed)
નોંધ : એમ્બ્રોયડરી તથા સાડીની દુકાન માટે અનુભવી/બીનઅનુભવી સેલ્સમેન જોઈએ છે. પગાર લાયકાત મુજબ.

"મહાવીર"-માટુંગા "મહાવીર"-માટુંગા "મહાવીર"-માટુંગા




**મરમજા મોતી : બે પંક્તિમાં અંકિત કવિ "તેજ"ની અમૃતવાણી...**

*- સોમ ઘરમશી* (કચ્છ)

*॥ મેરેમેં હટડી મંઢીયું ધિરાકી કિતરી વાર*

*"તેજ" ખટ તોં એડી નેઆર જે જોંકો હલે સજી જમાર ॥*

**શબ્દાર્થ : મે હટડી : નાનકડી દુકાન**

**ખટ : નફો - કમાઈ, જમાર - જિંદગી**

**ભાવાર્થ** : કવિ અહીં જિંદગીને કચ્છમાં જુદા જુદા સમયે ભરાતાં મેળા સાથે સરખાવે છે. આ મેળા સવારથી સાંજ સુધીના જ હોય છે. આ મેળામાં નાનકડી દુકાન લગાડી સામાન વેચનારનું વેચાણ કેટલું, ગ્રાહક કેટલા અને નફો કેટલો સાંજ પડતાં જ દુકાન ઉપાડી સ્થળાંતર કરવું પડે અને આખા દિવસની પરસેવો પાડી ખરેલી કમાઈ એકાદ-બે દિવસનાં રાશન-પાણી માટે પુરતી હોય. કવિ આવા મેળામાં એવી કમાઈ-નફો (ખટ) કરવાનો આગ્રહ રાખે છે કે જે આખી જિંદગી સુધી ચાલી શકે.

અહિં કવિનું નિર્દેશન આ જિંદગી જે નીયત સમય માટે છે તેમાં એવા સુકાર્ય કરવા આગ્રહ કરે છે તકે જે કરવાથી જાનને અપરંપાર સંતોષ મળે તે સુકાર્યની સુવાસ જિંદગીભર ફેલાઈ રહે.

માનવીની વિદાય પછી પણ તેણે કરેલા સારા કામોની સુવાસ મધમધતી રહે.

ગુજરાતનાં વિખ્યાત શાયર શ્રી ગની દહીંવાલાની શાયરી પણ આપણને જિંદગી જીવી જવાના રાહ દેખાડતાં કહે છે :

*જિંદગીનો એજ સાચેસાચ પડઘો છે "ગની"*
*હોયના વ્યક્તિ, ને એનું નામ બોલાયા કરે.*


**K. Dixit**

**રીયલ ડાયમંડની ડીઝાઈનર જ્વેલરી તૈયાર મળશે.**
**કૌશિક રાયચંદ શાહ (પટેલ) - સાંધાણ**
**982045 7676**
417, Kailash Plaza, Vallabh Baug Lane, Ghatkopar (E), Mumbai - 400 075. • E-mail : kdixit@hotmail.co.in



## પ્રકાશ યાત્રા : પ્રારંભના તંત્રી લેખો – વિખવાદ અને વેરઝેર

આપણી જ્ઞાતિનો ઈતિહાસ રસપ્રદ અને રોમાંચક છે. ભૌગોલિક સ્થિતિ, કુદરતી પરિસ્થિતિ અને રાજ્યની પ્રજા કલ્યાણ પ્રત્યે ઉદાસીનતા વગેરે કારણોને લીધે આપણને માદરે વતન છોડી, દેશ પરદેશ જવું પડયું અને અનેક મુશીબતો વચ્ચે વ્યાપારની કુશળતાથી ખીલવણી કરી આપણા વડવાઓ જ્યાં ગયા ત્યાં ડંકો વગાડયો.

આના કારણભૂત અનેક સદ્‌ગુણોમાં જે અત્રે ખાસ ઉલ્લેખ માગી લે છે; તે છે સંગઠ્ઠનની ભાવના, જે વડે આપણી જ્ઞાતિ આજસુધી ફુલીફાલી રહી છે. આ સંગઠતની ભાવના તે વખતે ભાષણો પૂરતી મર્યાદિત નહોતી રહી, પરંતુ તેનો અમલ બહુજ અનુકરણીય રીતે થતો હતો.

એ સમયમાં સહકારની જે ભાવના હતી અને આર્થિક તેમજ અન્ય રીતે સહાય કરી જ્ઞાતિને આગળ ધપાવવાનાં કાર્યો થતાં હતા, તેની પાછળ કીર્તિ કમાવવાની કોઈ લાલસા નહોતી, ફક્ત જ્ઞાતિ સેવાની એકમેક ભાવના ભાગ ભજવી રહી હતી. આ બધાં કાર્યો ઘણાંજ સુવિદિત છે, અને અત્રે ઉલ્લેખ કરવાં જતાં પાનાં ઓછાં પડશે એમ સગર્વ કહી શકાય. ખાસ કરીને દુષ્કાળ વખતે મદદ કરવાની ઉચ્ચત્તમ પધ્ધતિ, નાણાંકીય અડચણમાં આવી ગયેલા જ્ઞાતિબંધુઓને મદદ કરી આંટ જાળવવાની રીત પછી ભલેને તે વ્યાપારમાં હરીફ હોય, અને આજેય આપણે યાદ કરીએ છીએ એવા ઠેકાણે ઠેકાણે આપણા જ્ઞાતિબંધુઓની સગવડ ખાતર ધર્મશાળાઓ બંધાવી તેમજ અન્ય લોકોપયોગી ઈમારતો ચડાવી જ્ઞાતિનું નામ ઉચું રાખ્યાનાં દાખલા જાણીતા છે. આજે પણ આપણે એ ચિરસ્મરમીય નામો યાદ કરીને શુભ કામની શરૂઆત કરીએ છીએ.

એની સાથે સરખામણીમાં આજે આપણે શું જોઈએ છીએ? સહકારની ભાવના સંમેલનો વખતે નિવેદનો પૂરતીજ મર્યાદિત બનતી જાય છે, અને સ્વાર્થ તેમજ આંતરીક વિખવાદોનો એક વિનાશક પ્રવાહ ઉત્પન્ન થયો છે, તે સામે વહેલી તકે ચેતવાની જરૂર છે, નહિં તો સામાજીક એકમ તરીકે લગભગ નષ્ટ પામતી જતી આપણી જ્ઞાતિ આર્થિક અને નૈતિક રીતે અધઃપતન પામશે.

આજે રાજકારણમાં આપણે જોઈ રહ્યા છીએ કે એક વખત ચારથી પાંચ જ્ઞાતિબંધુઓ ધારાસભા, કોર્પોરેશન તેમજ રાજકિય સંસ્થાઓમાં આગેવાનીભર્યો ભાગ લેતા હતા. જ્યારે આજે ફક્ત એકજ વ્યક્તિ નજરે ચડે છે. અલબત, જ્ઞાતિ તરીકે આપણે સંકુચિત વૃત્તિથી દાવો કરી શકીએ જ નહિં, પરંતુ જ્ઞાતિમાં જ જાગૃત્તિ ઓછી છે, અને જે છે તે અંગત વેરઝેરને લીધે નષ્ટપ્રાયઃ બની રહી છે, તે અત્યંત શોચનીય છે.

વ્યાપારી ક્ષેત્રે પણ અંગત વેરઝેર, ઈર્ષ્યા, અદજેકાઈ વધી રહ્યાં છે, કોઈ જ્ઞાતિબંધુ સાહસમાં હેઠો પડતો હોય તો તેને સહાય કરવાને બદલે, તેની હાંસી ઉડાવવામાં આવે છે. તદુપરાંત આજે જેની ખાસ જરૂરિયાત છે તે ઔદ્યોગિક સાહસ જેને લીધે પલટાયેલા જમાના પ્રમાણે રોજીનું કાયમી સાધન મોટાભાગના જ્ઞાતિબંધુઓને મળી શકે અને એમની શક્તિઓને ખીલવવા માટે સુંદર ક્ષેત્ર મળી રહે તે માટે છાશવારે નિવેદનો પ્રગટ થતા સંભળાય છે, પણ કાંઈ સક્રિય પગલું હજી સુધી ભરાયું નથી.

સામાજીક ક્ષેત્રમાં તો "પાંજે કુરો"નો નાદ કદી નહોતો સંભળાયો તેટલો એજ દમામદાર સંગઠ્ઠનના વાણી-વિલાસ વચ્ચે સંભળાઈ રહ્યો છે. આપણા ટ્રસ્ટોએ કદી નહિં જોયેલા ઝઘડા છેલ્લા પચાસ વર્ષમાં થયા હોવાનું અને કોર્ટોને પ્રવૃત્તિમય રાખવાના સાધન તરીકે ટ્રસ્ટના નાણાનો ઉપયોગ થવાના દાખલા મોજુદ છે.

દેવદ્રવ્ય આપણા ઉપયોગમાં ન આવી શકે એ માટે ઘણી દલીલો સાંભળવા મળે છે, પણ સોલીસીટરો અને કાયદાશાસ્ત્રીઓ માટે તો અપવાદરૂપ હોય તેમ જણાય છે. કોંગ્રેસની માફક આંતરિક વિખવાદોનો ઉકેલ તો મધ્યસ્થ મહાજનનું ન્યાયપંચ જ કરે અને બહાર કોર્ટે કોઈ પણ ઝઘડો જવો જોઈએ નહિ, એવો પ્રતિબંધ એ જ્ઞાતિની તત્કલિક જરૂરિયાત છે.

આ ઉપરાંત સંસ્થાઓમાં અંદર અંદરના ઝઘડા, કૈંક સક્રિય કાર્ય કરી રહેલી જ્ઞાતિને આશિર્વાદ સમાન શિક્ષણ સંસ્થાઓ (બોર્ડિંગો, પાઠશાળાઓ, ટ્રસ્ટો વ.)નાં ટ્રસ્ટીઓ સંચાલકોના અંદર અંદરના તેમજ બીજી સંસ્થાઓ પ્રત્યેના શંકા, મતભેદ અને અસહકારનું વાતાવરણ હજુ ઉકેલ માગી રહ્યું છે ને કદાચ આજે વધુને વધુ ઘેરૂં બનતું જાય છે.

મહાજનો, સંસ્થાઓ અને મંડળોમાં અતિ અલ્પ હાજરી અને નિષ્ક્રિયતા વગેરે આના સીધાં પરિણામો જ છે. જાહેર કાર્યકર્તાઓ સામે ફેંકાતી બેફામ અને બેજવાબદાર ટીકાઓ, શરમજનક અંગત આક્ષેપો તેમજ પ્રામાણિક ટીકાઓ પણ સહન કરવાની કેટલાક મોવડીઓની અશક્તિ અને આ બન્નેનું અંગત રીતે વેરઝેરમાં રૂપાંતર આ બધા કારણોની અનેકવિધ અસરોથી જ્ઞાતિમાં નિષ્ક્રિયતા ફેલાતી જાય છે, મહાજનો નીરસ અને હાજરીહીન થતા જાય છે, સંસ્થાઓ પાંગળી અને નબળી બનતી જાય છે, મંડળો બંધ હાલતમાં પડયા રહે છે.

આ ઉપર સમગ્રપણે વિચારણા કરી સર્વ જ્ઞાતિ ભાઈઓ સંગઠ્ઠનની અને સહકારની દ્રષ્ટિ ખરા સ્વરૂપમાં કેળવે અને બનતા પ્રયત્ને અમલમાં ઉતારે, અને એ ભાવના દ્વારા જ્ઞાતિને દેશના સર્વોદય સમાજ રચનાના ધ્યેય પ્રત્યે લઈ જવા અને સબળ એકમ બનાવવાના આદર્શ તરફ એક સક્રિય પગલું ભરે.

## પ્રકાશ યાત્રા : પ્રારંભના તંત્રી લેખો – એ મધ્યસ્થ તંત્રને ટકાવી રાખો

એક એવા સમાચાર વહેતા થયા છે કે સંમેલન દ્વારા ઉભું થયેલું મધ્યસ્થ મહાજનનું તંત્ર સંકેલી લેવાના ચક્ર ગતિમાન થઈ રહ્યા છે. કદાચ જ્ઞાતિના આમવર્ગને આની કાંઈ અસર થઈ શકે શકે તેમ નથી, કારણ કે મધ્યસ્થ મહાજનની પ્રવૃત્તિઓ એમને વધુ સ્પર્શતીજ નહોતી તેમજ તેઓ પણ એની કાર્યવાહીમાં “ગેરહાજર પ્રેક્ષક”થી વધુ ભાગ ભજવ્યો પણ નથી. છતાંયે બુદ્ધિમાન અને સમજદાર વર્ગમાં આ પ્રશ્ન વિચારણા ઉપસ્થિત કરશે જ.

સંમેલનમાં સ્થાપાયેલ ઐક્યનાં મુર્તસ્વરૂપ તરીકે આ સંસ્થા છે. તેમજ મધ્યવર્તી વહિવટી કેન્દ્ર તરીકે એનું સ્થાન મહત્વનું છે. તાત્કાલિક એની પ્રવૃત્તિઓ ચાલુ રાખવાની કે બધ કરવાની અસર, લોકસંપર્કના અભાવે કદાચ નહિ જણાય, પરંતુ લાંબે ગાળે એની ખોટ જણાયા વિના નહિ રહે.

આ તબક્કે મધ્યસ્થ મહાજનની કાર્યવાહીઓનું અવલોકન અસ્થાને નહિ ગણાય. મધ્યસ્થ મહાજન આ સ્થિતિમાં આવી જવાનું કારણ એક તો કાર્યશક્તિ અને મર્યાદાની બહારનું કાર્યક્ષેત્ર હાથ ધરવાનો નિષ્ફળ પ્રયાસ, અતિશય મોટું વહીવટી તંત્ર અને પદ્ધતિ, કાર્યકરો કરતાં હોદ્દેદારોનો વધારો, કાર્ય કરવા કરતાં મોટા કાર્યના આભાસથી સંતોષ, કેટલીક વસ્તુઓનું અવ્યવહારૂ સંચાલન, લોકસંપર્કનો અભાવ, ઉદ્દેશોની અચોક્કસતા વગેરે વગેરે.

ઢાલની બીજી બાજુ સંગઠ્ઠન, ઐક્ય અને મતભેદો ઘટાડવાના પ્રયાસો ખાસ તરી આવે એવા છે. ન્યાયપંચની કાર્યવાહી ખાસ ધ્યાન ખેંચે તેવી છે. દુષ્કાળ રાહતકાર્ય પણ પ્રશંસનિય હતું.

અમારી માન્યતા છે કે મહા મહેનતે ઉભું કરેલ આ તંત્ર તોડી ન પાડી “આરંભે શુરા”નું બિરૂદ ખરૂં ન પાડતાં, આપણે એને ટકાવી રાખવું જોઈએ, અલબત્ છે એવી સ્થિતિમાં તો નહિંજ! અને આ ઉપયોગી તંત્રને વધુ ને વધુ લાભદાયી બનાવવા સબળ પ્રયત્નો કરવાજ જોઈએ.

ઉપરોક્ત ત્રુટિઓ તરફ લક્ષ્ય રાખી, કેટલાક એકમતે તાત્કાલિક ઉપાય માગતા જ્ઞાતિના સળગતા પ્રશ્નોઃ શાળાની સગવડ, ટ્રસ્ટોનું એકીકરણ, હોસ્પીટલની સગવડ, લગ્નાદિ પ્રસંગો માટે એક સામાન્ય હોલની જરૂરિયાત, મકાનોની તંગી અને ભોગવવી પડતી હાલાકી, લાયબ્રેરી, રમત ગમત તથા વૈદકિય, ઉપયોગી ઔદ્યોગિક સાહસોની સ્થાપના વિગેરે વિગેરે સામાજીક અને આર્થિક રચનાત્મક કાર્યો તરફ દ્રષ્ટિ રાખી અને ઉપયોગિતા તથા ક્રમવાર (Priority) એક પછી એક હલ કરી સમાજની સાચી સેવા બજાવે એવી આશા, જ્ઞાતિના અનુભવી આગેવાનો પાસેથી વધુ પડતી ન કહેવાય. તદ્દુપરાંત નિષ્પક્ષ ન્યાય આપી જ્ઞાતિના ઝઘડાઓ, મતભેદો દફનાવી, બનતા સુધી કોર્ટે ન જવા દેવાની પદ્ધતિથી ન્યાયપંચ પોતાની કાર્યવાહી ચાલુ રાખે.

આ માટે જરૂરી એવુ નાનું અને કાર્યસાધક વહીવટીતંત્ર રાખવામાં આવે તો જરૂર નકામા ખર્ચા બચી જશે, અને જ્ઞાતિની વધુ ને વધુ સેવા થઈ શકશે. સંમેલનો મહાસમિતિઓને અનિશ્ચિત સમય સુધી મુલત્વી રાખવી જોઈએ. અને અતિ અગત્યના પ્રશ્નો માટેજ તેનો ઉપયોગ થવો જોઈએ. માત્ર ભાષણો ને વાદવિવાદોથી ઉકળેલા ને નિરસ બનેલા સમાજસેવાના કાર્યમાં નવો ઉત્સાહ ત્યારેજ જન્મી શકશે. એટલું ચોક્કસ છે કે આવા જરૂરી કાર્યો માટે સેવાભાવી કાર્યકરોની ખોટ તેમને નહિ જણાય મધ્યસ્થ મહાજન હવે કામ કરતું બંધ પડયું છે એવા પ્રકારનો વ્યવસ્થિત પ્રચાર કરનાર કેટલાક ભાઈઓએ જો તેઓ ખરેખર સાચી સેવામાં માનતા હોય તો એવો ગંદો પ્રચાર બંધ કરવો જોઈએ. મધ્યસ્થ મહાજન એ કાંઈ કોઈની ખાનગી માલિકીની સંસ્થા નથી. લોકશાહીના જમાનામાં, જો મધ્યસ્થ તંત્રના હાલના કાર્યવાહકો કામ કરવાને અશક્ત છે એમ એવા પ્રચારકોને લાગતું હોય તો તેઓ શા માટે બંધારણિય માર્ગ ગ્રહણ કરતા નથી? આવી ખંડનાત્મક પ્રવૃત્તિઓ અપનાવવા કરતાં કાંઈક રચનાત્મક કાર્ય હાથ ધરવામાં એમનું ને સમાજનું ભલું રહેલું છે.

મધ્યસ્થ મહાન જો કોઈ સમાજોપયોગી રચનાત્મક પ્રવૃત્તિ હાથ ધરશે તો અમે ખાત્રી આપીએ છીએ કે “સમીક્ષા” એ કાર્યને ધપાવવામાં પોતાનો ફાળો આપતાં પાછું નહીં પડે.

અવ્યવહારૂ યોજનાઓ પડતી મૂકી, મધ્યસ્થ મહાજન તાત્કાલિક ઉકેલ માગતી રચનાત્મક પ્રવૃતિઓ હાથ ધરશે?

શુભેચ્છા સહ...
Laxmichand Dharshi
MOTA SHIPPING AGENCY
C.H.A.No.11-0404

## શ્રી સી.ડી.ઓ. જૈન સમાજ કેળવણી ઉત્કર્ષ ટ્રસ્ટ
### ઉપરોક્ત સંસ્થાને તા.૧-૪-૨૦૧૦ થી ૩૧-૩-૨૦૧૨
### દરમ્યાન મળેલ રુ.૧૦૦૦/- કે તેથી વધુ રકમની શાળા ફી-પુસ્તક સહાય ભેટની યાદી

| દાતાશ્રીનું નામ | ૨૦૧૦-૧૧ | ૨૦૧૧-૧૨ | કુલ રકમ |
|---|---|---|---|
| શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ | ૨૦૦૦૦૦ | ૨૦૦૦૦૦ | ૪૦૦૦૦૦ |
| વીરજી લધાભાઈ ટ્રસ્ટ-શાળા ફી-પુસ્તક સહાય ભેટ<br>શ્રી વારાપધર ક.દ.ઓ. જૈન મહાજન વારાપધર શાળા વિભાગના | ૩૦૦૦૦૦ | ૧૦૦૦૦ | ૩૧૦૦૦૦ |
| વિદ્યાર્થીઓને શાળા ફી સહાય | ૬૮૭૬૩ | ૧૬૦૪૮૯ | ૨૨૯૨૫૨ |
| મણી માણેક ચેરીટેબલ ટ્રસ્ટ, ચેંબુર | ૧૦૦૦૦૦ | | |
| મણી માણેક ચેરીટેબલ ટ્રસ્ટ, ચેંબુર, સાંધવ શાળા વિભાગના વિદ્યાર્થીઓને<br>શાળા ફી પુસ્તક સહાય | ૨૮૪૭૭ | ૫૭૫૨૯ | ૧૮૬૦૦૬ |
| મોતા ટ્રેડીંગ પ્રા.લિ. હસ્તે માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા (રાપરગઢવાળી)<br>શાળા વિભાગના વિદ્યાર્થીઓને શાળા ફી સહાય | ૫૧૦૦૦ | | ૧૩૫૦૮૧ |
| જેશ મર્કનટાઈલ એલ.એલ.પી. હસ્તે શ્રી કલ્પેશભાઈ મોતા, રાપરના વિદ્યાર્થીઓને શાળા ફી સહાય | | ૮૪૦૮૧ | |
| શેઠ નરશી નાથા ચેરીટી ટ્રસ્ટ ફંડ મસ્જીદબંદર-નલીયા વિદ્યાર્થીઓને શાળા ફી-પુસ્તક સહાય | ૨૫૦૦૦ | ૧૦૦૦૦૦ | ૧૨૫૦૦૦ |
| સ્વ.શ્રી નથુભાઈ નરશી દંડ, મંજલ હસ્તે શ્રી હિરાચંદ દામજી દંડ (અંધેરી) | ૧૦૦૦૦૦ | | ૧૧૩૩૫૦ |
| સ્વ. શ્રી નથુભાઈ નરશી દંડ, મંજલ હસ્તે શ્રી હિરાચંદ દામજી દંડ (અંધેરી)<br>મંજલ શાળા વિભાગના વિદ્યાર્થીઓને સ્કુલ ફી-પુસ્તક સહાય | ૮૨૬૦ | ૫૦૯૦ | |
| શ્રી મોતીચંદ લાલજી ખોના (નલીયા-મુલુંડ) નલીયાના શાળાવિભાગના વિદ્યાર્થીઓને<br>શાળા ફી-પુસ્તક સહાય | ૧૫૦૦૦ | | ૭૮૪૦૦ |
| શ્રી વિરચંદ લાલજી ખોના (નલીયા-મુલુંડ) નલીયાના શાળાવિભાગના વિદ્યાર્થીઓને<br>શાળા ફી પુસ્તક સહાય | ૧૦૦૦૦ | | |
| માતુશ્રી ઝમકુબેન લાલજી ખોના (મુલુંડ) નલીયાના શાળા વિભાગના વિદ્યાર્થીઓને<br>શાળા ફી પુસ્તક સહાય | ૧૦૦૦૦ | | |
| કુ. મેહર જીતેશ મોતીચંદ ખોના હસ્તે શ્રી મોતીચંદ લાલજી ખોના (મુલુડ-ધ્રાફા)ના<br>વિદ્યાર્થીઓને દત્તક લઈ શાળા ફી સહાય | | ૪૨૦૦ | |
| શ્રી રુપેશ મોતીચંદ લાલજી ખોના હસ્તે શ્રી મોતીચંદ લાલજી ખોના (મુલુંડ) લુણીના<br>વિદ્યાર્થીઓને દત્તક લઈ શાળા ફી સહા | | ૨૫૦૦૦ | |
| માતુશ્રી ઝમકુબેન લાલજી ખોના નાગ્રેચા વિદ્યાર્થીઓએ દત્તક લઈ શાળા ફી સહાય | | ૧૪૨૦૦ | |
| શ્રી ગીરીશભાઈ કે લોડાયા મોટીખાવડીના વિદ્યાર્થીઓને શાળા ફી સહાય | ૨૦૦૦૦ | | ૭૦૦૦૦ |
| શ્રી જીવરાજભાઈ જી. લોડાયા, મોટીખાવડીના વિદ્યાર્થીઓને શાળા ફી સહાય | ૧૦૦૦૦ | | |
| શ્રી પ્રવિણભાઈ કે. લોડાયા, મોટીખાવડીના વિદ્યાર્થીઓને શાળા ફી સહાય | ૧૦૦૦૦ | | |
| શ્રી મહેન્દ્રભાઈ વી. લોડાયા, મોટીખાવડીના વિદ્યાર્થીઓને શાળા ફી સહાય | ૧૦૦૦૦ | | |
| શ્રી નરેન્દ્રભાઈ એચ. લોડાયા, મોટીખાવડીના વિદ્યાર્થીઓને શાળા ફી સહાય | ૧૦૦૦૦ | | |
| શ્રી મોતીલાલ ડી. લોડાયા પરિવાર, મોટીખાવડીના વિદ્યાર્થીઓને શાળા ફી સહાય | ૧૦૦૦૦ | | |
| શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ જખૌ મહાજન-જખૌ વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય | | ૬૪૧૭૨ | ૬૪૧૭૨ |
| વોરા ફાઉન્ડેશન ટ્રસ્ટ હસ્તે શ્રી કાંતિલાલ વોરા (કોઈમ્બતુર) રંગપુરના શાળા વિભાગના | | | |
| વિદ્યાર્થીઓને શૈક્ષણિક ફી સહાય | ૫૫૮૨૫ | | ૫૫૮૨૫ |
| શ્રીમતી મણીબેન ચીમનલાલ જેઠાભાઈ વર્ધમાન તથા શ્રી હિરાચંદ આણંદજી વર્ધમાન | | | |
| પરિવાર જખૌ હસ્તે શ્રી રાજીવ હીરાચંદ વર્ધમાન જખૌના વિદ્યાર્થીઓને શાળા ફી સહાય | ૩૫૦૦૦ | | ૩૫૦૦૦ |

| દાતાશ્રીનું નામ | ૨૦૧૦-૧૧ | ૨૦૧૧-૧૨ | કુલ રકમ |
|---|---|---|---|
| સ્વ. માતુશ્રી ગંગાબાઈ ધનજી પરબત મૈશેરી પરિવાર (મોટીસિંધોડી/ડોંબિવલી) હસ્તે શ્રી વસંતભાઈ ધનજી મૈશેરી-મોટીસિંધોડીના વિદ્યાર્થીઓને શાળા ફી સહાય | ૧૪૪૯૫ | ૧૯૯૫૬ | ૩૪૪૫૧ |
| સાંયરા ચેરીટેબલ ટ્રસ્ટ (ફોર્ટ) સાંયરાના ૧૨ વિદ્યાર્થીઓને શાળા ફી, પુસ્તક સહાય<br>શ્રી ક.દ.ઓ. ઓસવાલ સાંયરા જૈન મહાજન ટ્રસ્ટ, સાયરા વિદ્યાર્થીઓને શાળા ફી સહાય | ૬૦૦૦ | ૨૫૦૦૦ | ૩૧૦૦૦ |
| માલોલા ફાઉન્ડેશન (થાણા) | ૨૫૦૦૦ | | ૨૫૦૦૦ |
| નેપચ્યુન કન્સ્ટ્રકશન હસ્તે શ્રી નયનભાઈ ભેદા, વારાપધરના વિદ્યાર્થીઓને સાળા ફી સહાય | ૨૫૦૦૦ | | ૨૫૦૦૦ |
| અક્ષય પાત્ર-હસ્તે શ્રી પ્રતાપભાઈ ધુલ્લા (જખૌ) જખૌ શાળા વિભાગના વિદ્યાર્થીઓને શાળા ફી પુસ્તક સહાય | ૨૧૦૦૦ | | ૨૧૦૦૦ |
| શ્રી અશોકભાઈ વી. મોતા-સુથરીના વિદ્યાર્થીઓને શાળા ફી સહાય | ૨૧૦૦૦ | | ૨૧૦૦૦ |
| માતુશ્રી રમીલાબેન જયચંદ પદમશી નાગડા (મુલુંડ/નલીયા) હસ્તે શ્રી રોપીન જયચંદ નાગડા, નલીયાના વિદ્યાર્થીઓને શાળા ફી સહાય | ૫૦૦૧ | ૧૫૦૦૦ | ૨૦૦૦૧ |
| શ્રી નવીનચંદ હરશી વોરા (ગોએરસમા-ડોંબિવલી) ગોએરસમાના વિદ્યાર્થીઓને શાળા ફી સહાય | | ૧૬૫૫૦ | |
| શ્રી નવીનચંદ હરશી વોરા (ડોંબિવલી) બારોઈના વિદ્યાર્થીઓને શાળા ફી સહાય | | ૩૧૩૦ | ૧૯૬૮૦ |
| ડો. ગિરીશ ગોવિંદજી મોમાયા, નલીયાના શાળા વિભાગના વિદ્યાર્થીઓને શાળા ફી સહાય | ૧૦૦૦૧ | ૫૦૦૧ | ૧૫૦૦૨ |
| શ્રી મયંકભાઈ ગોવિંદજી મોમાયા, નલીયાના શાળા વિભાગના વિદ્યાર્થીઓને શાળા ફી સહાય | ૧૦૦૦૧ | ૫૦૦૧ | ૧૫૦૦૨ |
| શ્રી ક.દ.ઓ. જૈન (નલીયાવાસી) મુંબઈ ચેરીટેબવલ ટ્રસ્ટ, નલીયાના શાળા વિભાગના વિદ્યાર્થીઓને શાળા ફી-પુસ્તક સહાય | ૧૫૦૦૦ | | ૧૫૦૦૦ |
| શ્રી નવીનભાઈ  હીરજી દંડ (લાલા/વેરાવળ) લાલાના વિદ્યાર્થીઓને શાળા ફી, પુસ્તક સહાય- | ૫૦૦૦ | ૧૦૦૦૦ | ૧૫૦૦૦ |
| શ્રી ક.દ.ઓ. જૈન મિત્ર મંડળ (બાંડીયા) બાંડીયાના વિદ્યાર્થીઓને શાળા ફી સહાય | ૧૪૭૬૦ | | ૧૪૭૬૦ |
| શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથજી જૈન દેરાસર ટ્રસ્ટ (તેરા) તેરા શાળા વિભાગના વિદ્યાર્થીઓને સ્કુલ ફી-પુસ્તક સહાય | ૧૨૧૪૮ | | ૧૨૧૪૮ |
| માતુશ્રી બાંયાબાઈ શામજી મોતા (નલીયા-લોનાવલા) હસ્તે શ્રી હેમંત મોતા-નલીયાના શાળાવિભાગના વિદ્યાર્થીઓને શાળા ફી-પુસ્તક સહાય | ૧૧૦૦૦ | | ૧૧૦૦૦ |
| શ્રીમતી લીલાવતીબેન સોમચંદ નાગડા હસ્તે શ્રી પરેશભાઈ નાગડા (જખૌ-મુલુંડ) જખૌના શાળાવિભાગના વિદ્યાર્થીઓને શાળા ફી-પુસ્તક સહાય | ૧૧૦૦૦ | | ૧૧૦૦૦ |
| શ્રી જયરાજભાઈ ધનપતી કાયાણી (જખૌ-ઘાટકોપર) જખૌના શાળા વિભાગના વિદ્યાર્થીઓને શાળા ફી-પુસ્તક સહાય | ૧૧૦૦૦ | | ૧૧૦૦૦ |
| શ્રી નરેન્દ્ર દામજી લોડાયા (નલીયા/મુલુંડ) નલીયા શાળા વિભાગના વિદ્યાર્થીઓને શાળા ફી સહાય | ૧૧૦૦૦ | | ૧૧૦૦૦ |
| મોક્ષ ગીરીશ બાબુલાલ લોડાયા, ગોરખડીના શાળા વિભાગના વિદ્યાર્થીઓને ફી સહાય | ૧૧૦૦૦ | | ૧૧૦૦૦ |
| માતુશ્રી ચંપાબેન હંસરાજ પરબત ડાઘા, શાલા વિભાગના વિદ્યાર્થીઓને ફી સહાય | ૧૧૦૦૦ | | ૧૧૦૦૦ |
| ટીકીટાર ઈન્ડસ્ટ્રીઝ (ઈ) લી. | ૧૧૦૦૦ | | ૧૧૦૦૦ |
| શ્રી નરશી શામજી ધરમશી (નલીયા/મુલુંડ) નલીયાના વિદ્યાર્થીઓને શાળા ફી સહાય | ૧૧૦૦૦ | | ૧૧૦૦૦ |
| શ્રી નરેન્દ્ર દામજી લોડાયા (મુલુંડ) નલીયાના વિદ્યાર્થીઓને શાળા ફી સહાય | | ૧૧૦૦૦ | ૧૧૦૦૦ |
| શ્રી આદેશ્વર મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ, મંજલ રેલડિયા-મંજલના વિદ્યાર્થીઓને શાળા ફી | | ૧૧૦૦૦ | ૧૧૦૦૦ |
| શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન ગોએરસમા/બારોઈ, શાળા ફી સહાય | ૧૦૦૦૦ | | ૧૦૦૦૦ |
| શ્રીમતી હીરાબાઈ  જયચંદ નાગડા હસ્તે શ્રી નરેન્દ્રભાઈ જયચંદ નાગડા (નલીયા-માટુંગા) નલીયાના શાળા વિભાગના વિદ્યાર્થીઓને શાળા ફી સહાય | ૧૦૦૦૦ | | ૧૦૦૦૦ |
| મે. કેપીટલ રોડલાઈન્સ, શાળા વિભાગના વિદ્યાર્થીઓને ફી સહાય | ૧૦૦૦૦ | | ૧૦૦૦૦ |
| શ્રી ખીમજી કુંવરજી ટ્રસ્ટ-દિવાળીબોણી ભેટ | ૧૦૦૦૦ | ૧૦૦૦૦ | ૨૦૦૦૦ |

| દાતાશ્રીનું નામ | ૨૦૧૦-૧૧ | ૨૦૧૧-૧૨ | કુલ રકમ |
|---|---|---|---|
| શ્રી સંજય ચીમનલાલ નાગડા (નલીયા-મુલુંડ) નલીયાના શાળાવિભાગના વિદ્યાર્થીઓને શાળા ફી-પુસ્તક સહાય | ૫૦૦૦ | ૫૦૦૦ | ૧૦૦૦૦ |
| એક સદગૃહસ્થ | ૬૨૦૦ | | ૬૨૦૦ |
| શ્રી હેમરાજ મેઘજી ગોસર (ઘાટકોપર) બાયઠના વિદ્યાર્થીઓને શાળા ફી સહાય | ૫૦૦૦ | | |
| શ્રી હેમરાજ મેઘજી ગોસર (ઘાટકોપર) દિવાળી બોણી ભેટ | ૧૦૦૦ | | ૬૦૦૦ |
| શ્રી નિરંજન કેશવજી મોમાયા, વરાડીયા મોમાયા અટકના વિદ્યાર્થીઓને ફી સહાય | ૫૯૬૦ | | ૫૯૬૦ |
| શ્રીમતી હિરાવંતીબેન લહેરચંદ મેપાણી (પરજાઉ-મુલુંડ) હસ્તે શ્રી નયનભાઈ મેપાણી-પરજાઉના વિદ્યાર્થીઓને શાળા ફી સહાય | ૫૯૦૦ | | ૫૯૦૦ |
| શ્રીમતી સરલાબેન પ્રતાપભાઈ ડાઘા શ્રી. મનીષભાઈ ડાઘા, વરાડીયાના વિદ્યાર્થીઓને શાળા ફી સહાય | ૫૧૦૨ | | ૫૧૦૨ |
| શ્રી રામજી લાલજી ખોના (નલીયા/ઘાટકોપર) નલીયાના શાળા વિભાગના વિદ્યાર્થીઓને શાળા ફી પુસ્તક સહાય | ૫૦૦૧ | | ૫૦૦૧ |
| સિધ્ધાર્થ હરીશ પાલાણી મેમોરીયલ ટ્રસ્ટ ઘાટકોપર | ૫૦૦૦ | | ૫૦૦૦ |
| શ્રી લહેરચંદભાઈ શીવજી નાગડા (નલીયા-ઘાટકોપર) નલીયાના વિદ્યાર્થીઓને શાળા ફી સહાય | ૫૦૦૦ | | ૫૦૦૦ |
| શ્રી ચિમનલાલ હીરજી ખોના (નલીયા-માટુંગા) નલિયાના વિદ્યાર્થીઓને સ્કુલ ફી સહાય | ૫૦૦૦ | | ૫૦૦૦ |
| મેસર્સ વિમલ સ્પાઇસીસ, (કોચીન) નલીયાના શાળા વિભાગના વિદ્યાર્થીઓને શાળા ફી-પુસ્તક સહાય | ૫૦૦૦ | | ૫૦૦૦ |
| માતુશ્રી જમકુબેન રતનશી શામજી ખોના (નલીયા-મઝગાંવ) હસ્તે શ્રી મનીષ નલીયા ખોના-નલીયાના શાળા વિભાગના વિદ્યાર્થીઓને શાળા ફી-પુસ્તક સહાય | ૫૦૦૦ | | ૫૦૦૦ |
| માતુશ્રી જયાબેન પ્રેમચંદ મુલજી સોનાવાલા, હસ્તે શ્રી રીતેન સોનાવાલા (માટુંગા) નલીયાના શાળા વિભાગના વિદ્યાર્થીઓને શાળાફી-પુસ્તક સહાય | ૫૦૦૦ | | ૫૦૦૦ |
| શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન નલિયા-નલિયાના શાળા વિભાગના વિદ્યાર્થીઓને સ્કૂલ ફી-પુસ્તક સહાય | ૫૦૦૦ | | ૫૦૦૦ |
| શ્રી ભદ્રીચંદ ભવાનજી દંડ (નલીયા-ડોંબિવલી) નલીયાના શાળા વિભાગના વિદ્યાર્થીઓને ફી સહાય | ૫૦૦૦ | | ૫૦૦૦ |
| શ્રી કિશોર ખીમજી ખોના (જખૌ-મુલુંડ) જખૌના વિદ્યાર્થીઓને શાળા ફી સહાય | ૫૦૦૦ | | ૫૦૦૦ |
| શ્રી લક્ષ્મીચંદ ધારશી મોતા (લાખણીયા) શાળા વિભાગના વિદ્યાર્થીઓને ફી સહાય | ૫૦૦૦ | | ૫૦૦૦ |
| શ્રી ઝવેરચંદ ખીમજી મોમાયા (ડુમરા/મુલુંડ) | ૫૦૦૦ | | ૫૦૦૦ |
| શ્રી દિનેશ લાલજી લોડાયા કોઠારાના વિદ્યાર્થીઓને શાળા ફી સહાય | ૫૦૦૦ | | ૫૦૦૦ |
| શ્રીમતી નીશાબેન મહેશ ડાઘા (મુલુંડ) વરાડીયાના શાળા વિભાગના વિદ્યાર્થીઓને ફી સહાય | ૩૧૦૦ | | ૩૧૦૦ |
| શ્રીમતી રતનબેન કે. શાહ | ૨૫૦૦ | | ૨૫૦૦ |
| શ્રી રમેશભાઈ છેડા | ૨૫૦૦ | | ૨૫૦૦ |
| શ્રી હિતેશભાઈ શાહ | ૨૫૦૦ | | ૨૫૦૦ |
| શ્રી રાજેન્દ્રભાઈ મોતા | ૨૫૦૦ | | ૨૫૦૦ |
| સ્વ. શ્રી બકીમચંદ્ર કેશવજી લોડાયા હસ્તે શ્રી સુરેન્દ્ર બી. શાહ રવાના વિદ્યાર્થીઓને શાળા ફી સહાય | | ૧૭૧૭ | ૧૭૧૭ |
| ડો. ધનરાજ દેવશી ખોના (નલીયા-મુલુંડ) નલીયાના શાળાવિભાગના વિદ્યાર્થીઓને શાળા ફી-પુસ્તક સહાય | ૧૦૦૧ | | ૧૦૦૧ |
| | **૧૫૦૨૯૯૫** | **૮૬૩૧૧૬** | **૨૩૬૬૧૧૧** |

ડોનેશન મેળવવામાં **શ્રી મોતીચંદ લાલજી ખોના (નલીયા/મુલુંડ)**નો સિંહફાળો છે.

સંસ્થાના અધિકારીઓ તેમની ભૂરી ભૂરી અનુમોદના કરે છે.

સંસ્થા પ્રત્યે આજ રીતે સ્નેહભરેલું ઝરણું આપ સર્વે તરફથી સતત વહેતું રહે તેવી આજના દિને શુભેચ્છા.

આ બદલ આપશ્રી દાતાઓના ખૂબ ખૂબ આભાર અને ઋણ સ્વીકાર

**લિ. સંસ્થાનાં ટ્રસ્ટીઓ તથા અધિકારીઓ**

# TEEN TWINKLE

**General Knowledge & fun for teenagers.**

**Mrs. Neelam Dalesh Momaya (Chalisgaon)**
**M/s. Damji Bhimji Co.,** Station Road,
Chalisgaon- MH. 424101.

### Interesting anecdotes

Here's the story of a brilliant scientist ..... After a lot of practice and efforts, he developed a formula and learned the art of producing a clone of himself. He did it so perfectly that it was difficult to tell the reproduction from the original .... One day while doing his research, he heard that the angel of death was searching for him. In order to remain alive, he produced a dozen clones of himself. The reproduction was so good that all of them looked exactly like him Now, when the Angel of death visited him, the scientist stood with the clones. The Angel of death was confused as to who among the thirteen before him was the original scientist. He left them and returned to heaven, but not for long. As an expert in human nature, the angel came up with a clever idea.

He addressed to the scientist present in the crowd of thirteen people.. `Sir, you must be a genius to have such a perfect reproduction formula of yourself. However, I have discovered a flaw in your work, just one tiny little flaw.' The scientist among this crowd immediately jumped out and shouted ` Impossible! Where is the flaw?"

Right here said the angel as he picked up the scientist from among the reproductions and carried him off. The whole purpose of the scientist and his formula of reproduction failed as he could not control his `EGO'. So he lost his life.

When man's knowledge and Skill takes him to the top, and makes him successful, the three letter word "EGO" can pull him down to earth immediately at its double speed. So don't allow your ego to kill yourself and your relations with others. Instead Kill your ego.

### PROVERBS ARE LAMPS TO LIFE

He who sows courtesy reaps friendship, and he who plants kindness gathers love. A careful person profits from personal experience, a wise man from the experience of others. Where, BOASTING ENDS THERE DIGNITY BEGINS.

***- EDWARD YOUNG***

### AMAZING FACTS

The worlds, smallest mammal is the bumble bee bat of Thailand, wieghing less than a penny. A woodpecker can peck twenty times a second. A cow gives 2,00,00 glasses of milk in her lifetime. Polar bears are left handed.

### AMAZING FIGURES

There are 28,000,000 cats in the U.S.A. In 1760 , Sir Richard Temples, wife, Anne, lost 50,000 pounds in a slimy bet. The bet was placed on some worms. ***the back bone of a camel is perfectly straight.

### TODAY'S WORD

This week's word is **“The art of producing realistic clones”.** Make as many words as possible from this set of words and it to Mrs. NEELAM DALESH MOMAYA. The longest list wins a prize. This weeks prize goes to Mrs. JASMINE GOSAR from Kasarwadi for her 600 words from the phrase `Smithsonian Institution of Washington' congratulations Jasmine for your calibre you could have framed even many more words. Better luck next time..

### By the bye

A doctors mistake is **buried.**
A lawyer's mistake is **imprisoned.**
An accountant's mistake is **jailed.**
A dentists mistake is **pulled.**
A pharmacist's mistake is **dead.**
A plumber's mistake is **stopped.**
An electrician's mistake is **shocked.**
A teacher's mistake is **failed.**
A printer's mistake is **redone.**
And **yours?**

## લર્નિંગ ટ્રેન

*- વિપિન પરીખ*

૧૬ એપ્રિલના રોજ ભારતમાં ટ્રેન શરૂ થયાને ૧૫૯ વર્ષ થયાં. પહેલી લોકલ ટ્રેન ૧૮૩માં વિક્ટોરિયા ટર્મિનસથી થાણા વચ્ચે દોડી હતી. બસ ત્યારથી ટ્રેને પાછું વળીને જોયું જ નથી. રાતે શેડમાં પણ ઊભી-ઊભી વિચારતી હશે કે સવારના ચાર ક્યારે વાગે ને ક્યારે હું દોડું. લાખો મુસાફરોનો રોજનો ભાર ઉપાડીનેય એ બેવડ વળી નથી. હા, મુસાફરો બેવડ વળી ગયા છે! દરેક શહેરને પણ નસીબ હોય છે અને દરેક સ્ટેશનને પણ. અંતરિયાળ રડ્યાખડ્યા સ્ટેશનની સામે જંક્શનની ગણના તો સાહેબલોકોમાં જ થાય. એટલે જ **આદમ ટંકારવી** લખે છે.

***તારા શહેરની રોનક કેવી***
***સઘળી ટ્રેનો ત્યાં થોભે છે!***

ટ્રેન એટલે સરકતી જિંદગી, જુદી-જુદી જગ્યાએ જવા નીકળેલા મુસાફરો એક જ જગ્યાએ ભેગા થાય સંબંધ ન હોવા છતાં વસ્તી-વસ્તી થઈ જાય. મુંબઈની લોકલ ટ્રેનમાં પણ નવી પેઢી આવી ગઈ છે. પહેલાંની ટ્રેનોનો વિષાદયુક્ત કથ્થઈ રંગ, કમળો થયેલી બત્તીઓ, જોર લગાડ્યા પછી પણ  ધીરું જ ફરી શકતા પંખાઓ, ઓછી હવા ને ઝાઝા શ્વાસોની સ્થિતિનું સ્થાન બાકાયદા ડિઝાઈન થયેલી, રમણીય, ખુલ્લી-ખુલ્લી ટયુબલાઈટનાં સફેદ અજવાળાં વહેંચતી, વધુ હવામાં વધુ શ્વાસો અજમાવતી પવનવેગી ટ્રેનોએ લીધું છે. નવી પેઢી બધી જ વાતમાં ફાસ્ટ હોય છે, પણ દરેક સફરને એનો નિયત સમય તો લાગવાનો જ. **આદિલ મન્સૂરી** જાણે રિટાયરિંગ રૂમમાં બેઠાં-બેઠાં અવલોકન આપે છે.

***હા, સફર કૈં એટલી લાંબી હતી***
***જિંદગી ટૂંકી પડી આ ટ્રેનમાં...***

અનેક ફિલ્મોમાં હિરોઈન, સાક્ષી કે ચરિત્ર અભિનેત્રીનું પાત્ર ભજવી ચૂકેલી ટ્રેન રિયલ લાઈફની હિરોઈન છે. બપોરના સમયે મોહી પડાય એવી રાહત આપે છે તો રશ-અવર્સમાં ભીંસી નાખતી હાડમારી. બહારગામથી પહેલી વાર લોકલ ટ્રેનનો અનુભવ કમાતા મુસાફર માટે ઘણાં આશ્ચર્યો પ્લેટફોર્મ પર હરતા ફરતાં હોય છે. વિસ્મયનું રૂપાંતર વિષમાં થતાં વાર નથી લાગતી. બે-ત્રણ ટ્રેન છોડ્યા પછી પકડવી જ પડશેના દઢ નિર્ધાર સાથે રણભૂમિનું જોશ લાવતા મુંબઈગરાને બહારગામના પ્રવાસી માટે લખાયેલો **ભરત વિંઝુડા**નો શેર પ્રસ્તુતત લાગશે.

***ટ્રેન ચૂકી ગયાં હોઈએ એ પછી***
***કોઈ પણ સ્ટેશને ક્યાં સુધી બેસવું***

બહારગામની ટ્રેન ચુકી જવામાં જે નિરાશ થાય એવી જ નિરાશા રોજની ફિક્સ ટ્રેન ચુકી જવામાં થાય છે. હાય હાય ૯.૫૮ ગઈ? જેવી સ્વગતોક્તિને ચૂકી ગયેલા અન્ય લોકોની સહાનુભૂતિ પણ પ્રાપ્ત થાય છે. શહેર આ રીતે જ સંધાતું હોય છે. **શોભિત દેસાઈ**નો શેર છે.

***સંગાથ બે ઘડીનો છે એ જાણવા છતાં***
***આશા મિનારા કેવા ચણાવે છે ટ્રેનમાં***

રાત્રે ઘરે આવીને અચાનક ગુસ્સે થઈ જતા પતિઓના વર્તનમાં ક્યારેક ટ્રેનનો પણ નોંધનીય ફાળો હોય છે. સ્લો ટ્રેન સ્ટેશનો ઉપરાંત સ્ટેશનો વચ્ચે પણ અટકે ત્યારે "કસોટી જિંદગી કી" જેવી સિરિયલ ભજવાય છે. ફાસ્ટ ટ્રેનનો શૂરવીર મુસાફર સ્લો ટ્રેનમાં બેસવાની શરણાગતિ સ્વીકારે ત્યારે તેને સમયની કિંમત સમજાય છે. સમય વિશે પરમ જ્ઞાન અપાવાની ક્ષમતા ટ્રેન પાસે છે. ટ્રેન જો કોઈ દિવસ પોતાની આત્મકથા લખે તો પાટાઓમાં હાહાકાર મચી જાય. એમાં એક પ્રકરણ માટેનું મેટર **મુકુલ ચોક્સી** સહર્ષ પુરું પાડે છે.

***ચાલુ ટ્રેને બારી પાસે બેસવાની વાતમાં***
***બારીમાંથી કૂદવા જેવું ઝઘડતા હોઈએ.***

માણસ એટલે વિરોધાભાસનું વૈવિધ્ય. ભીડમાં સીટ માટે મરતો હોય અને ખાલી ટ્રેનમાં દરવાજા પાસે ઉભા રહેવા માટે. સીટ ક્યાંય ભાગી નથી જવાની એ શ્રદ્ધા સાથે હવા ખાઈને જિંદગીનો વિસામો શોધી લે છે. આપણે કેટલીક સમસ્યાઓ હકીકત તરીકે સ્વીકારી લીધી છે એટલે એ વિશે ચિંતન કરવાનું યોગ્ય નથી લાગતું. સામાન્ય માણસની અસામાન્ય જિંદગીને ઢાંઢો ચાબુક મારતા **વિશાલ જોશી** સ્નેહ કરે છે.

***ટ્રેન, ઓફિસ, બોસ, ફાઈલ, લંચ નામે બોક્સને***
***જિંદગી સમજી રહ્યા છે આ નગરના માણસો***

કેટલાય પપ્પાઓનો સ્નેહ, કેટલીય મમ્મીઓનું વહાલ, કેટલાંય બાળકોનું ભણતર ઝીલતી ટ્રેન સાક્ષીભાવે બધું જોયા કરે છે. આવનારી ક્ષણોમાં લોહિયાળ ધ્રાસકા નહીં આવે એની કોઈ ખાતરી નથી હોતી. ફાટક પર ઊભી-ઊભી પ્લેટફોર્મ પર વિસ્તરતા વૃદ્ધને જોઈ **હર્ષ બ્રહ્મભટ્ટ**ની જેમ વિચારતી હશે.

*ટ્રેન ઉભી હોય શબવત્ રાહમાં સંકેતની*
*જિંદગી આખીયે મારી એ રીતે વીતી હતી ટ્રેનમાં*
કેટલાં બધાં વિશ્વો પ્રવાસે નીકળ્યાં છે!
કેટલું બધું લઈને? કેટલું બધું મૂકીને?
કોઈના બિસ્તરા છે ભારે,
કોઈના હાથ ખાલીખમ,
કોઈના ચહેરા છે ખુશખુશાલ
ઘરથી દૂર છે તો પણ
કેટલાં મોં છે ઉદાસ, ગમ્યું નથી આવવું અહીં
(૬૬ થી ૮૦ હેન્ડ બ્લેન્ડર) : ૮૯૭, ૧૭૩૮, ૨૫૪, ૧૧૨૯, ૨૩૩, ૧૬૦૬, ૩૯૧, ૩૦, ૧૨૨૧, ૨૦૦, ૧૪૫૨, ૯૯૮, ૧૫૪૦, ૧૪૦૭, ૫૪૨

**૨૮મી મિટિંગ તા.૯-૯-૧૨ એકમ ભવન ભુજ મધ્યે.**

ભુલચુક ક્ષમ્ય છે - ઈનામ આઈટમો ઓફિસેથી મેળવી લેવી.

**૧૧૪, પહેલા માળે, ધવલ કોમર્શીયલ, છઠ્ઠીબારી રીંગ રોડ, ભુજ-કચ્છ. મો. : 99096 47953**

**સૌજન્ય : શ્રી ભલારાદાદા એસ્ટેટ એજન્સી ગ્રુપ (પરિવાર)**

# સનસીટી ડેવલપર્સ-ભુજ

## સનસીટી-૨

### પંદરમી મીટીંગના વિજેતાઓને અભિનંદન

| ટોકન | ઈનામ | ભાગ્યશાળી મેમ્બરનું નામ | પ્રતિનિધિ |
|---|---|---|---|
| 1728 | ટાટા નેનો | જયનાથ યાદવ-ગાધીધામ | લબ્ધીભાઈ/એસ.કે. યાદવ |

કોમ્પ્યુટર સેટ: ૮૨, હેન્ડીકેમ કેમેરો: ૩૮૯, ફ્રિઝ ૨૩૦ લિ.: ૩૬૨, આટા મેકર: ૩૪૯

**-: આશ્વાસન ઈનામો :-**

(૧. ફ્રીઝ): ૨૦૭૦, (૨. ટીવી) : ૯૫૫, (૩. વોશીંગ મશીન) : ૩૬૮
(૪ થી ૫ ઓવન) : ૧૪૪૮, ૧૯૮૬
(૬ થી ૧૦ ડીવીડી પ્લેયર): ૧૯૭૦, ૨૧૮૧, ૧૭૧૫, ૧૯૪૪, ૧૬૭૨
(૧૧ થી ૧૫ મિક્ષ્ચર જ્યુસર): ૨૧૧૦, ૫૭૩, ૭૦૦, ૧૬૨૮, ૫૧૧
(૧૬ થી ૨૫ સેન્ડ્વીચ મેકર) : ૧૩૩૮, ૨૮૮, ૮૦૦, ૧૪૦૭, ૪૮૨, ૧૭૦૧, ૧૪૭૨, ૧૧૮૯, ૮૪, ૧૪૮૪
(૨૬ થી ૩૫ સોડા મેકર) : ૯૭૫, ૬૮, ૨૧૨૨, ૯૪૭, ૬૮૧, ૬૦૨, ૨૦૬, ૬૩૮, ૨૯૩, ૧૩૭૮
(૩૬ થી ૪૫ મોબાઈલ કલર) : ૧૦૨૧, ૭૧૬, ૧૩૩૯, ૮૧૯, ૭૭૨, ૩૯૭, ૧૨૧૩, ૫૬, ૨૧૯૨, ૨૦૧૪
(૪૬ થી ૬૫ મીક્ષ્ચર ગ્રાઈન્ડર) : ૧૪૦૫, ૨૨૦૮, ૨૧૫, ૮૩૨, ૧૪૧૨, ૪૫૧, ૧૭૩૮, ૬૨૪, ૧૯૫, ૧૭૭૩, ૧૫૧૩, ૧૩૬૨, ૫૬૯, ૨૦૭૮, ૨૨૧૧, ૨૦૭૭, ૧૨૫૨, ૩૨૦, ૬૩૧, ૨૦૦૦
(૬૬ થી ૮૦ હેન્ડ બ્લેન્ડર) : ૧૭૪૪, ૧૦૬૧, ૮૮૭, ૧૫૧૧, ૧૫૭૨, ૧૨૬૦, ૩૨૪, ૧૩૬૧, ૪૬૪, ૮૨૨, ૨૨૩૬, ૨૧૬૮, ૬૭૩, ૧૧૪, ૫૧૬

ભુલચુક ક્ષમ્ય છે - ઈનામ આઈટમો ઓફિસેથી મેળવી લેવી.

**૧૧૪, પહેલા માળે, ધવલ કોમર્શીયલ, છઠ્ઠીબારી રીંગ રોડ, ભુજ-કચ્છ. મો. : 99096 47953**

**સૌજન્ય : શ્રી ભલારાદાદા એસ્ટેટ એજન્સી ગ્રુપ (પરિવાર)**



।। શ્રી મહાકાલીકાયૈ નમઃ ।।

**શ્રી ક.દ.ઓ. સમાજ માટે**

**વોડાફોન કું** દ્વારા પ્રસ્તુત છે...

**નવીન પોસ્ટ પેડ કનેક્શન સ્કીમ હવે**

- માત્ર દિવસના રૂ.૫.૫૦ માં ૨૪×૭ માટે આપસમાં ગ્રુપમાં અનલીમીટેડ સમય માટે તમે વાત કરી શકશો.
- અન્ય નંબર પર ૨૦૦ મિનીટ તથા ૨૦૦ SMS ફ્રી રહેશે.
- પ્રત્યેક નંબર માટે Assured ગીફ્ટ મળશે.
- VIP નંબર મળશે.
- મહારાષ્ટ્ર/ગોવા રોમીંગ ફ્રી રહેશે.

**વધુ માહિતી માટે સંપર્ક કરો :**

**વીરલ હરીશ માલદે - 9833442121**

**રીંગટોન**

**(VODAFONE MINI STORE)**

Shop No.1, Sameer Arcade, Agiyari Lane, Jambli Naka, Talaopali Thane (W)-400601.


## આ વર્ષે પર્યુષણ પર્વ દરમિયાન સ્વપ્ન ધૃત ઉછામણીના આંકડા

| | |
|---|---|
| અનંતનાથ જિનાલય | ૧૧ લાખ મણ |
| અનંતછાયા જિનાલય | ૧૦ લાખ મણ |
| અનંતસિધ્ધિ જિનાલય | ૪.૩૧ લાખ મણ |
| રાપરગઢ | ૧.૬૫ લાખ મણ |
| સાંઘવ | ૧.૫૧ લાખ મણ |
| જખૌ | ૧.૨૮ લાખ મણ |
| કોઠારા | ૧.૧૭ લાખ મણ |
| બાંઢીયા | ૮૯ હજાર મણ |
| પરજાઉ | ૮૨ હજાર મણ |
| બાયઠ | ૭૬ હજાર મણ |
| સુથરી | ૭૫ હજાર મણ |
| નલીયા | ૫૭ હજાર મણ |
| વરાડીયા | ૫૬ હજાર મણ |
| સાંયરા | ૫૦ હજાર મણ |
| વારાપધર | ૪૪ હજાર મણ |
| બારોઈ | ૨૮ હજાર મણ |
| મોટીસિંધોડી | ૨૫ હજાર મણ |
| સાંધાણ | ૨૨ હજાર મણ |
| બેંગલોર | ૫.૩૭ લાખ મણ |
| ડોંબિવલી (ઈ) સુવિધિનાથ જિનાલય | ૨.૪૬ લાખ મણ |
| ડોંબિવલી (વે) મુનિસુવ્રત જિનાલય | ૧.૨૭ લાખ મણ |

(**નોંધ** : તા.૨૧-૮-૧૨ સુધીમાં પ્રાપ્ત થયેલ માહિતી અનુસાર આ આંકડા રાઉન્ડમાં છે.) અનુમોદના....

## આભાર અભિવ્યક્તિ

***અમને જ્ઞાતિભરમાંથી મિચ્છામિ દુક્કડમ્ નાં અનેક SMS, પત્રો અને ઈમેઈલ આવ્યા છે એ સર્વેના સહ્દયે આભારી છીએ. સૌને અમારા મિચ્છામિ દુક્કડમ્***

## અગત્યની સુચના

આપના સંઘમાં થયેલ પર્વ પર્યુષણની ઉજવણીના સમાચાર, સ્વપ્નધૃત ઉછામણી, તપસ્યાની યાદી, પોથી-પારણાના લાભ અને અન્ય આરાધનાના સમાચાર તુરંત લખી મોકલવા વિનંતી છે.

આપના વાર્ષિક લવાજમના રૂ.૫૦/- માનદપ્રતિનિધીઓ પાસે ભરી લેવા વિનંતી.

## પ્રકાશ-મંજૂષા : સ્પર્શાસ્પર્શ અને જૈન ધર્મ – *લેખક : શ્રી ખી. રા. મોતા*

જેમ આપણે પુનર્લગ્ન ન કરવા માટે અભિમાન ધરાવીએ છીએ તેમ જ્ઞાતિ તથા કુળ માટે પણ અભિમાન રાખીએ છીએ, જે એક પાપનું ઝાડ ઉભું કરવાનું બીજ છે. અને તેથીજ આપણે એક બીજાને ધિક્કારીએ છીએ અને કહેતાં જરાએ અચકાતા નથી કે "તું નીચ છે, હું ઉંચ છું, માટે તારાથી વટલાઈ જાઉં" એવા વચનો વદી, મિથ્યા અભિમાનથી ગોત્રનું બંધ બાધીએ છીએ પણ તે બદલે શાસ્ત્રો શું કહે છે તે જોવાની મહેનત લેવાની જરૂર છે.

જૈન શાસ્ત્રાનુસાર આપણે જેને જ્ઞાતિ કે કોમમાં માનીએ છીએ તેવું કાંઈ છે જ નહી. ભગવાન શ્રી મહાવીરથી સીત્તેર વર્ષ પછીથી તે વિક્રમ સંવત ૧૫૭૫ સુધી જૈન આચાર્યોએ જ્ઞાતિઓ બનાવી છે. તે પહેલાં તો બ્રાહ્મણ, ક્ષત્રીય, વૈશ્ય અને શુદ્ર એ ચારે વર્ણો જૈન ધર્મ પાળતા હતા.

અહીં કોઈ એવો સવાલ કરશે કે "ધર્મ પાળે છે તેથી શું થયું? સાથે ખાધાથી શું વટલાઈ જ્વાય?" આ તદ્દન અતિશયોક્તિ ભરેલું છે. "શ્રાધ્ધ દિન કૃત" નામે ગ્રંથમાં લખવામાં આવ્યું છે કે જેટલા મનુષ્યો જૈન ધર્મ પાળે તેટલા દરેક પોતાના ધર્માભાઈ સાથે સગા ભાઈ કરતાં અધિક પ્રીતિ રાખવી. તેથી જો કદાચ તેમની નાત અને પોતાની વચ્ચેનો વ્યવહાર નથી તો પણ તેમની સાથે ખાવા પીવામાં શાસ્ત્રોનું પણ અડચણ નથી.

જો ખાવા પીવાથી એક બીજાથી વટલાતું હોય તો આપણા શ્રી રત્નપ્રભસૂરીજીએ શ્રી મહાવીરસ્વામિથી સીત્તેર વર્ષ પછી અને જેઓ શ્રી પાર્શ્વનાથ પછી છટ્ટે પાટે થયા તેમણે મારવાડના શ્રીમાલનગર કે જેને હાલમાં આપણે ભીન્નમાલ કહીએ છીએ તે નગરથી કોઈ કારણના લીધે ભીમસેન રાજાનો પુત્ર શ્રીપુજ તેનો પુત્ર ઉત્પલકુમાર અને તેનો મંત્રો ઉહડ એ બન્ને જણે ૧૮૦૦૦ કુટુંબો સહિત નીકળીને જોધપુરથી ઉત્તર દિશામાં વીશ કોશને અંતરે લાખો મનુષ્યોની વસ્તીવાળું **ઉપકેશ પટ્ટણ** નામે નગર-વસાવ્યું અને તે નગરના સવા લાખ મનુષ્યોને શ્રી રત્નપ્રભસુરીજીએ શ્રાવક ધર્મમાં સ્થાપન કીધાં તે વખતે તેઓમાં અઢાર ગોત્ર સ્થાપન કીધાં કે જેથી તેઓ પરસ્પર વિવાહ વિગેરે વ્યવહારિક રીતિઓનું યોગ્ય પાલન કરી શકે.

શ્રી રત્નપ્રભસુરીએ પાડેલ એ અઢાર ગોત્રોના નામ નીચે પ્રમાણે છે :

૧. તાતહડ, ૨. બાપણા, ૩. કરનાટ, ૪. વલહંશ, ૫. મોરાખ, ૬.કુલહટ, ૭. વીરહટ, ૮. શ્રીમાલ, ૯. શ્રેષ્ટી, ૧૦. સુચિંતી, ૧૧. આઈયણગ, ૧૨. ભુરી ગોત્ર, ૧૩. ભદ્ર, ૧૪. ચિંચટ, ૧૫. કુંભટ્ટ, ૧૬. ઠીડુ, ૧૭. કનોઅજ, ૧૮. લઘ શ્રેષ્ટી

એ પ્રમાણે ૧૮ ગોત્ર સ્થાપન કીધાં એ બધા જૈન થવાથીજ પરસ્પર પુત્ર-પુત્રોના વિવાહ કરવા લાગ્યા અને ખાનપાનાદીનો સઘળો વ્યવહાર પણ કરવા લાગ્યા. એ જાતોમાં રજપુતો, વાણીયા, બ્રાહ્મણો વિગેરે બધા હતા. જો ઉંચ-નીચની કોઈપણ જાતની ગણત્રી હતે તો આચાર્ય મહારાજ બધાને એક કેમ કરી શકતે?

**બીજો દાખલો** શ્રી હરિપ્રભસુરીજીએ મેવાડ દેશમાં પોરવાડ વંશ સ્થાપન કર્યા તેનો છે. તેમના વિક્રર્મ સંવત ૫૮૫માં સ્વર્ગવાસ થવાના વખતે લખેલ ગ્રંથમાં ઉલ્લેખ કર્યો છે કે જયપુર નજીક ખંડેલા ગામ છે તેમાં વિરાત (મહાવીર નિર્વાણ) ૬૪૩ વર્ષે જીનસેન આચાર્ય થયા તેઓએ ૮૨ ગામ રજપુતોના અને ૨ ગામ સોનીઓનાં સર્વ મલી ૮૪ ગામને જૈન કર્યા અને તેમનાં ૮૪ ગોત્ર સ્થાપન કર્યાં, તે સર્વ ખંડેલ વાલા વાણીઆ જેપુર આદિ દેશમાં શ્રાવકો કહેવાવા લાગ્યા.

ત્યારબાદ **ત્રીજો દાખલો** વિક્રમ સંવત ૨૧૭માં હંસારથી દશ કોશ દુર અગ્રહા નામક નગરમાં રાજા અગરના પુત્રોને અને તેના નગરવાસી હજારો લોકોને લોહાચાર્યે જૈન કર્યો. પાછળથી એ નગર ઉજ્જડ થઈ જવાથી રાજપુત્રો ભ્રષ્ટ થયા અને વેપાર વણજ કરવા લાગ્યા અને તેઓ અગરવાલ વાણીઆ કહેવાણા.

ઉપરનાં દાખલાઓની સાબિતી માટે પ્રશ્નોત્તર માળાના પાના ૧૭-૨૨ વાંચવાથી જરૂર ખાત્રી થશે કે સાથે ખાવા પીવાથી કોઈ વટલાતું નથી.

વળી ઘણીવાર એમ પણ કહેવામાં આવે છે કે અન્ય ધર્મો સાથે બેસી ખાવું નહી, તે તો નીચ છે. પરંતુ ઉપરના દ્રષ્ટાંતો પરથી સિદ્ધ થાય છે કે તે ધર્મ સિદ્ધાંતથી ઉલ્ટું છે. એથી કુળ મદનો બંધ થાય છે. કુળ, જાતિ, રૂપ, બળ, તપ જ્ઞાન, લાભ અને લક્ષ્મી આદી આઠ પ્રકાર માહેનાં કોઇનું પણ જે મદ કરે તે નીચ યોનિ પામે અને ઉપરોક્ત વસ્તુઓ-જેનું મદ કીધું હોય તેનાથી વંચિત રહે.

આપણા આચાર્યોએ પણ એવું ઉચ નીચનું કાંઈ ભેદ રાખ્યુંજ નથી. તો પછી આપણે શા માટે મિથ્યા કર્મ કરી પાપો બાંધીએ? તેથી આ વાત ધ્યાનમાં લાવીને મિથ્યાડંબરને તજવું અત્યંત જરૂરી છે.

માણસ માણસ સાથે ખાવાથી કદી વટલાતોજ નથી. પરંતુ અનીતિના કર્મો કરવાથી જ વટલે છે અને અભક્ષ્ય ખાવાથી જ વટલે છે એ ધ્યાનમાં રાખવું ખાસ જરૂરી છે.

"સોનું સડે નહી અને વાણીઓ વટલે નહીં" એ સાદી અને સરળ કહેવતને અનુસરીને પણ આપણે જુના અને ખોટા વહેમોને છોડી દેવા જોઈએ અને સત્ય ધર્મ આચરવો જોઈએ.

*(સ.૧૯૮૯ (સને ૧૯૩૩) માગશર માસના "પ્રકાશ"માંથી)*

## ઇતિહાસ પ્રકાશ : શ્રી યશોભદ્રસૂરી ચરિત્ર

*- શ્રી જીવરાજ દેવજી મોતા*

જિનશાસન પ્રભાવક પૂર્વાચાર્યોએ અનંત પરિશ્રમ પરિશીલન કરી શાસનની પ્રભુતા, પ્રવચનની રક્ષા અને પ્રભાવના કરી છે. તેથી સેંકડો વર્ષ વીત્યા બાદ આજે પણ એમની વિશદ કીર્તી સર્વત્ર ફેલાઈ રહી છે.

ગોડવાડ, નાડલાઈ અને સાંડેરાવ, બીજાપુર આદિ સ્થળે શ્રીમાન યશોભદ્રસૂરીજીનું વૃત્તાંત બહુ ભક્તિભાવથી સંભળાવવામાં આવે છે. ઐતિહાસિક દ્રષ્ટિએ જોતાં આ આચાર્ય અપૂર્વ શક્તિશાળી અને અદ્‌ભુત સામર્થ્ય સંપન્ન જણાઈ આવે છે.

સાંડેરાવ, સેવાડી, અને બીજાપુર એ ત્રણ ગામોમાં ઉકત આચાર્ય મહારાજની મૂર્તિ મોજુદ છે. એ ત્રણ ગામ જોધપુર સ્ટેટના ગોડવાડ પ્રાંતમાં આવેલ છે. બીજાપુરથી આશરે એક યા સવા માઈલ પર શુન્ય જંગલમાં રાતા મહાવીર પ્રભુનું વિશાલ મંદિર છે. તે મંદિરમાં ઉક્ત સૂરીશ્વરની ભવ્ય પ્રતિમા છે.

મહા પુણ્યબળે જીવાત્માને માનવભવની સામગ્રી મળે છે. તેથી અનેક જંજાળોમાંથી થોડોક સમય બચાવી મહાત્માઓના ગુણકીર્તનમાં મન-વચન-કાયારૂપ ત્રિકરણને જોડવું જોઈએ. મહાન પુરૂષોના જીવનચરિત્ર સર્વ જિજ્ઞાસુ વાંચી તેમને આદર્શ (Ideal) ગણી તેમના પંથે વળે, તેમના પગલે પદસંચાર કરે એટલી આશા રાખવી અસ્થાને નહીં ગણાય.

**કથા નાયકનો પરિચય** : જૈન ધર્મમાં ૮૪ ગચ્છ મનાય છે. જોધપુર સ્ટેટમાં સાંડેરાવ નામે એક ગામ છે. એ ગામના નામ પરથી સાંડેરાવ (સંડેર) ગચ્છની સ્થાપના થઈ છે. એ પ્રસિદ્ધ અને પવિત્ર ગચ્છમાં **ઈશ્વરસૂરી** નામે એક મહાન આચાર્ય થઈ ગયા. તે આચાર્યને ૫૦૦ સાધુઓ હતા. તે સર્વે મહાન ત્યાગી હતા. એ સુપ્રસિદ્ધ આચાર્યે છ વર્ષ સુધી છ વિગયનો ત્યાગ કરી જગતમાં સાધુધર્મની અપૂર્વ મહત્તા બતાવી હતી.

એક સમયે સૂરીજીએ બદરીદેવીની આરાધના કરી પુછયું, "મારા સમુદાયમાં પાટે બેસાડવા યોગ્ય કોઈ સાધુ જોવામાં આવતો નથી કે જે શાસનને આધારરૂપ થાય. તે વિષયમાં મારે શું કરવું? જવાબમાં સુચન થયું કે તમે અહીંથી પલાઈ (પીંડવાડા સ્ટેશન નજીક એક ગામ છે) ગામમાં પધારો. ત્યાં પુણ્યસાગર શાહુકારની પત્ની ગુણસુંદરીની કુક્ષિએ હિમાલયના સ્વપ્ન વડે સુચિત **સુધર્મ** નામનો પુત્ર છે. તે જિનશાસની સેવા કરશે, તે ભાગ્યશાળા અને ભાવિ શાસનધાર કુમારનો વિશેષ વૃત્તાંત નીચે મુજબ છે.

જ્યારે સુધર્મ પાંચ વર્ષની ઉંમરનો થયો ત્યારે માતાપિતાએ ભણવાને એને નિશાળે મોકલ્યો. સુધર્મ કુમારે પોતાની શાંત પ્રકૃતિથી, સ્થિર સ્વભાવથી આજ્ઞાવર્તિત્વથી બહુ જ નાની ઉમરનાં અધ્યાપકના પ્રીતી સંપાદન કરી લીધી. ગામના પ્રમાણમાં આ પાઠશાળા વિશાળ હતી. તેમાં ચારે વર્ણના બાળકો ભણવા આવતાં હતાં. ત્યાં અભ્યાસ કરતા પુણ્યસાગર શ્રેષ્ટિના પુત્ર સુધર્મે એકદા કામ પડતાં એક બ્રાહ્મણના પુત્ર પાસેથી કલમ માંગી અને તેના વડે કેટલીક્વાર લખ્યું. "વિનશ્વર પદાર્થોનો નાશ તો અવશ્ય ભાવિ છે." ઠોકર લાગવાથી કલમ તૂટી ગઈ. બ્રામણ પુત્રે કલમ પાછી માગી. સુધર્મે જવાબ આપ્યો, "તારી કલમ ઠોકર લાગવાથી તૂટી ગઈ." બ્રાહ્મણ પુત્રે સ્વાભાવિક હઠથી ફરી કલમની માંગણી કરી. સુધર્મે કહ્યું, "તારી કલમ મારાથી તૂટી ગઈ તેથી હું તારી ક્ષમા ચાહું છું તારી ઇચ્છા હોય તો આ મારી કલમ આપું છું, અને જો તે લેવાની ઇચ્છા ન હોય તો મૂલ્ય ખરચી તને નવી કલમ લઈ આપીશ." બ્રાહ્મણ પુત્રનું નામ બટુક હતું. બટુકે જીદ પકડી અને બોલ્યો, "નહિ, મને બીજી કલમ નહિ ચાલે, મારી જ કલમ મને તું આપ." સુધર્મે નમ્રતાથી કહ્યું, "દોસ્ત બટુક, જે વાત બની ગઈ તે હવે થનાર નથી. એમાં કદાગ્રહ શા માટે કરે છે? તને બીજી મંગાવી આપું છું." આ તકરાર વધી પડી. અધ્યાપકના કાને આ વાત ગઈ. અધ્યાપકે પણ શામ, દામ, ભેદથી બટુકને ધમકી આપી સમજાવ્યો. પણ તેણે કોઇનું માન્યું નહિ અને રોષપૂર્વક બોલ્યો, "લઈશ તો મારી જ કલમ લઈશ. નહિ તો સુધર્મને મારી કરી એની ખોપરી લઈશ." બસ" હદ થઈ! નાનીશી વાતમાંથી બટુક કમર કસી મારવા તૈયાર થઈ ગયો, ત્યારે સુધર્મે પણ આવેશમાં આવી જઇને કહ્યું, "આટલું તને સમજાવવા છતાં તેં મને મારવા સુદ્ધાં મનસુબો કર્યો, પણ યાદ રાખજે કે હું મરીને પણ તે સાથે તને ન મારું તો મને સાચો વણિક પુત્ર નહિ સમજજે. આમ બન્ને પ્રતિજ્ઞા કરી છૂટા પડી ઘરે ગયા. આ વાતને કેટલોક સમય થઈ ગયો.

બદરીદેવીએ સૂરીજીને કહ્યું હતું કે આપનું જવું સફળ થશે. આપનો મનોરથ સિદ્ધ થશે. તેમાં લેશ માત્ર પણ સંદેહ નહીં ધરશો. એટલું કહી સૂરીજીને સવિનય

નમસ્કાર કરી દેવી તિરોહિત થઈ.

ગુરૂ મહારાજ ગ્રામાનુગ્રામ વિચરતા પલાસી પધાર્યા. કેટલોક સમય વ્યતીત કરી શ્રી સંઘના આગેવાન શ્રાવકોને લઈ પુણ્યસારને ઘેરે પહોંચ્યા. તદ્યપિ તે સમયે શ્રેષ્ટિ પોતે ઘેરે નહોતા, તો પણ ગુણસુંદરીએ તેમનો યોગ્ય સત્કાર કર્યો અને પૂજ્યભાવે પૂછ્યું, "પ્રભો, મારા લાયક આજ્ઞા હોય તો ફરમાવો." આચાર્ય મહારાજે કહ્યું, "બહેન ! અમે દેવીના કથનથી તમારે ઘેર આવ્યા છીએ. અમારે તમારી પાસેથી એક શાસનપ્રિય વસ્તુ માગવી છે." ગુણસુંદરી વિનિત ભાવે બોલી, "કૃપાળુ, જે કાંઈ મારા ઘરમાં રિધ્ધિ સિદ્ધ ને ધનસંપત્તિ છે તે સર્વે આપશ્રીની કૃપાનું ફળ છે. જે તમે માગો તે આપવા હું તૈયાર છું." સુરીજીએ કહ્યું, "ધનસંપત્તિ સાથે અમારે કામ નથી. અમે તો તમારા પુત્રની ભિક્ષા અર્થે આવ્યા છીએ." ગુણસુંદરી આ શબ્દો સાંભળી એકદમ ચોંકી ગઈ અને બન્ને કાનોમાં આંગળી ઘાલી કહ્યું, મહારાજજી અંધની લાકડી સમાન એકના એક છોકરાને દેવાને મારૂં મન તે કેમ માને! કૃપાલુ, તેથી તો મારા આત્માને બહુ કલેશ થાય. અમ સંસારી જીવોની જીવનદોરી તો આ પુત્ર પર અવલંબેલી છે." શ્રી સંઘે કહ્યું, બહેન! સાધુ મુનિ મહારાજોની પ્રવૃત્તિ સ્વાર્થના નિમિત્તથી તો હોતી નથી, એ નિઃસંદેહ છે. જ્યારે ગુરૂ મહારાજથીને દેવીનો આદેશ થયો કે પુણ્યસાર શ્રેષ્ટિનો પુત્ર શાસનની પ્રભાવના કરવા લાયક છે ત્યારે જ દૂર દેશાંતરથી પર્યટન કરતા કરતા ગુરૂ મહારાજ અહીં પધાર્યા છે. આજે અમને બધાને બોલાવીને આ પરોપકારી મહાત્માએ ફરમાવ્યું કે, "ભાઈઓ, હું અમુક કાર્યની સિદ્ધિ અર્થે અહીં આવ્યો છું આજ સુધી મારે તમારી સાથે વધારે પરિચય નહોતો તેથી એ વાત તમને કરી નહિ. પણ હવે તમારી ઇચ્છા હોય તો આપણે સર્વે મળી પુણ્યસાર શ્રેષ્ટિને ઘેરે જઇએ." ઉપરોક્ત ગુરૂ મહારાજનાં વચન સાંભળી તેમની સાથે શ્રેષ્ટીવર્ય પુણ્યસાર અને આપને અમારા સ્વધર્મી સમજી અમે તમારી પાસેથી શ્રી સંઘના કલ્યાણ અર્થે પુત્રરત્નની યાચના કરવા આવ્યા છીએ. હવે, શ્રીસંઘનું માન રાખવું એ તમારા હાથમાં છે."


શુભેચ્છા સહ...

**શ્રી ઉત્તમચંદ કલ્યાણજી ખોના (કોઠારા)**

**UKKHIMJI & CO.**

144, Vasant Market Yard, 4th Lane,
Sangli MH - 416 416 Tel. 2670910/2322057


**ધર્મસંકટ :**

"શ્રી સંઘનું પધારવું અમારા માટે અત્યંત હર્ષદાયક છે. પણ અમે પણ તમારા જેવા સંસારી છીએ. પુત્રપ્રેમ દુર્નિવાર્ય છે. એટલું તો આપ પણ સમજો છો."

પોતાના પહેલા ભવના પુત્ર શાલિભદ્રપર, દેવલોકમાં ગયા બાદ તેના પિતા ગોભદ્રદેવતાને, સાઠ હજાર પુત્રોના વિયોગથી સાગરચક્રવર્તિને, રામચંદ્રના વનવાસથી રાજા દશરથને, કોણિકની આંગળી પાકવાથી અને એને નિશદિન રડતો જોઈ શ્રેણિક રાજાને, ૩૨ પુત્રોના વિયોગથી સુલસાના પતિ નાગરથવાહીને, પ્રસન્નચંદ રાજર્પિને, ઉદાયિના લીધે કોણિકને, એ ભાણેજ શિષ્યોના વિયોગથી હરિભદ્રસૂરીને, પોતે સાધુ બનેલ મનકમુનિ પુત્રના મરી જવાથી શય્યંભવસૂરીને, જે દુઃખ થયું તે શું આપને માલમ નથી? પુત્ર શું એક એવી ચીજ છે કે જે બજારમાંથી પૈસા આપતાં મળી શકે? એ બધી વાતોનો આપ વિચાર કરો. હું અલ્પબુદ્ધિ અબળા આપને શું સમજાવું? ભગવાન શ્રી મહાવીરના શાસનમાં હજારો બલકે લાખો કુટુંબો છે. જે ચાહે તે વિસ્તારવંત કુટુંબવાળો પોતાના અનેક છોકરાઓમાંથી એક છોકરો આપી સૂરીજી મહારાજના શિષ્યભાવની ત્રુટિ પૂર્ણ કરે."

શ્રી સંઘે કહ્યું, "ભદ્ર, તમારૂં કહેવું સત્ય છે. અમારાથી કોઇના ઘરે બે ત્રણ અને તેથીએ વધુ પુત્રો છે. નક્ષત્રોનો ઉદય દરેક દિશામાં થાય છે. પરંતુ સુર્યનો ઉદય તો પુર્વ દિશામાં જ થાય છે. આ સંસારમાં અનેક પુત્રો હોવા છતાં પણ દેવીએ જ્યારે તમારા પુત્રરત્નને શાસનવીર બતાવ્યો તો બીજાના પુત્રો શા ખપના? જે જીવમાં જેટલી યોગ્યતા હોય તે તેટલું કાર્ય કરી શકે. સંસારભર જાણે છે કે જંબુસ્વામીની માતાને પણ પુત્ર પ્યારો હતો. મેઘકુમારના માતાપિતાને તે અનિષ્ટ ન હતા. શાલિભદ્ર, વજ્રમુનિ, અવંતી સુકુમાલ વગેરેને જન્મ દેવાવાળી માતાઓને એમના જાયા પુત્રોપર કાંઈ થોડો પ્રેમ નહોતો. પણ એમણે પોતાના આત્માને સમજાવી બળવાન બનાવી પોતે વીરમાતાનું બિરૂદ મેળવ્યું એ ઇતિહાસમાં એમનું નામ સદા સ્મરણીય વંદનીય રહેશે.

***("પ્રકાશ"ના જૂના અંકોમાંથી ઉધ્ધૃત)***

**પાસ થયા હર્દિક અભિનંદન !**

| | | |
|---|---|---|
| પુજા જીતેન્દ્ર મોમાયા-ડોંબિવલી | SSC | 61.27% |
| ભાવિતા વર્ધમાન લુઠીયા-ડોંબિવલી | B.Com. | 73.42% |
| ગુંજન વિપીન મોમાયા-ભોપાલ | B.C.A. | 78.5% |

સંસ્થા સમાચાર · જ્ઞાતિ સમાચાર · વતન સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## ગામેગામ ઉજવાયા પર્વાધિરાજ પર્યુષણ–ઉલ્લાસભાવે તપ, જપ, વ્રત–ધૃતની વરસી આરાધના હેલી...

### શ્રી ક.દ.ઓ. જૈન સમાજ–વડોદરા

અત્રે તા.૫-૭-૧૨ના શ્રી વિમલનાથ ભગવાનના ૧૩ લાખ જાપનું આયોજન કરવામાં આવેલ. જાપ માટે કુંભમાં પંચરત્નની પોટલીના ચડાવાની બોલી બોલાવવામાં આવેલ. જેનો રૂા.૪૧૦૦૦માં માતુશ્રી નિર્મલાબેન કુંવરજી લાલકા પરિવારે લાભ લીધેલ. તા.૯-૭ થી તા.૨૯-૭-૧૨ સુધીના ૨૪ ભગવાનના એકાસણા રૂા.૧૦૦૦ નકરાથી સંઘના રસોડે કરાવવામાં આવેલ. દરરોજના ૧૫ થી ૨૦ તપસ્વીઓએ એકાસણાં કરેલ.

તા.૩૦-૭-૧૨થી નવકારમંત્રના નવ એકાસણાનું આયોજન કરવામાં આવેલ છે.

પૂ. ગણિવર્ય શ્રી કવીન્દ્રસાગરજી મ.સા.ની નિશ્રામાં તા.૫-૮-૧૨ના શ્રી પદ્માવતી દેવીનું પૂજન તથા હવનનું આયોજન કરવામાં આવેલ છે. વિધિકાર શ્રી ધર્મેન્દ્રભાઈ શાહ પોતાની સંગીતકાર પાર્ટી સાથે વિધિ વિધાનથી પૂજન-હવન ભણાવેલ. મુખ્ય લાભાર્થી શ્રી પદ્માવતી દેવીની પ્રતિમા તથા સહલાભાર્થીઓ તામ્રયંત્ર ઉપર પૂજન કરેલ. બપોરના સાધર્મિક ભક્તિ રાખવામાં આવેલ.

### વર્ધમાન નગર–ભુજમાં તપસ્વી બહુમાન

તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.આ.ઠા.ની નિશ્રામાં તપસ્વીઓનાં તપની અનુમોદના કરવાનો સમારંભ વર્ધમાનનગરે યોજાયો. આ પ્રસંગે રાજ્યનાં મંત્રી શ્રી ફકીરભાઈ વાઘેલા પધારેલ. પૂ.આ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ને વંદન કરી આશિર્વાદ લીધા હતા. અત્રે વિવિધ તપારાધના કરનાર તપસ્વીઓનાં બહુમાન સમારોહને મંત્રીશ્રીએ દીપપ્રાગટ્ય કરી ખુલ્લો મુક્યો હતો. ભુજ અચલગચ્છ જૈન સંઘ, વર્ધમાનનગર જૈન સંઘ તથા ચાતુર્માસ કમિટિ વતી શ્રી તારાચંદભાઈ છેડાએ સ્વાગત કરી સૌને આવકાર આપેલ. મંત્રીશ્રીને હારારોપણ કરી શાલ ઓઢાળી શ્રી મહેન્દ્રભાઈ ડી. શાહે સ્વાગત કર્યું. આ પ્રસંગે પધારેલ તાલુકા પંચાયત અધ્યક્ષા શ્રીમતિ વાલુબેન મંગેરીયાનું સ્વાગત શ્રીમતી જયાબેન મુનવરે કર્યું હતું.

વર્ધમાનનગરમાં ૪૦ ઉપવાસ-૧, માસક્ષમણનાં ૧૪, ૧૯ ઉપવાસના બે, ૧૧ ઉપવાસના એક, ૧૦ ઉપવાસના એક, ૯ ઉપવાસના ચાર, ૮ ઉપવાસના ૪૭, ૨૪ તીર્થંકર દીક્ષા કલ્યાણક તપના ૮૩, વર્ષીતપના બે, ૬૪ પ્રહરી પૌષધના ૩ અને માસક્ષમણના તપસ્વીઓના સન્માન કરવામાં આવેલ.

માસક્ષમણનાં તપસ્વીઓને સોનાની નવકારવાળી માતુશ્રી લક્ષ્મીબાઈ જગશી છેડા તરફથી અર્પણ કરાઈ હતી.

મંત્રી શ્રી ફકીરભાઈ વાઘેલાનાં હસ્તે માસક્ષમણ કરનાર શ્રી દીપક લાલને સોનાની નવકારવાળી અર્પણ કરી તપની અનુમોદના કરવામાં આવેલ. માસક્ષમણનાં તપસ્વી શ્રી હેમંત બી. વિકમશીએ રાજ્યમંત્રીશ્રીને ગણેશજીની મૂર્તિ ભેટ આપી હતી.

ગુરૂભગવંતો સાથે તપસ્વીઓ વાજતે-ગાજતે વર્ધમાનનગરી પધાર્યા હતા. તપસ્વીઓને તિલકનો લાભ શ્રીમતિ લીલમબેન દેવજી પાલાણી પરિવારે, હારારોપણ-શાલનો લાભ માતુશ્રી ચંદનબેન લક્ષ્મીચંદ છેડા તથા જયાબેન પ્રબોધ મુનવર પરિવારે લીધો હતો. પ્રારંભે પૂજ્યશ્રીએ માંગલિક શ્રવણ કરાવેલ. બહેનોએ સાંજી




**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**



Trust Regn. No. E–2071 – Kachchh • P. A. No. AABTA 7039 A

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia), Dist. Kachchh (Bhuj), Gujarat State, Pin Code - 370 645 • Tel. : (02831) (952831) 273256

**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092. Tel. : 2893 6173 / 2890 4500

ગીત રજુ કર્યા હતા. ભુજ અચલગચ્છ જૈન સંઘ, વર્ધમાનનગર જૈન સંઘ તથા ચાર્તુમાસ સમિતિ દ્વારા ૧૯૧ તપસ્વીઓના તપની અનુમોદના કરતા રોકડ રકમનાં કવમાં પ્રભાવના અપાઈ.

આ અવસરે શ્રી તારાચંદભાઈ છેડા સહ ઘણા અગ્રણીઓ પધાર્યા હતા. મંત્રીશ્રીએ ઉદ્‌બોધનમાં જૈન ધર્મની તપસ્યાઓ અનેરી છે. આ તપની અનુમોદના કરવાનો અને તપસ્વી આચાર્ય ભગવંતશ્રીના આશિર્વાદ મેળવવાનો મને અવસર પ્રાપ્ત થયા બદલ ધન્યતા અનુભવી હતી.

કાર્યક્રમમાં જીવદયા માટે એક લાભ એકાવન હજાર જાહેર કરાયા હતા. સૌ ભાવિકોએ ચોવિહારનો લાભ લીધો.

### વર્ધમાનનગરે ૨૪ તીર્થંકર મહાપૂજન યોજાયું

તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા., પૂ. ગણિવર્ય શ્રી વીરભદ્રસાગરજી મ.સા.આ.ઠા.ની નિશ્રામાં વર્ધમાનનગરે શ્રી ચોવીસ તીર્થંકર શ્રેણી મહાપૂજન માતુશ્રી કસ્તુરબાઈ હીરાચંદ મુનવર પરિવાર (કોઠારા) હસ્તે સૌ. જયાબેન પ્રબોધ મુનવર, બાંધવબેલડી કર્મ અને કનિષ્ક દીપેશ મુનવરનાં જન્મ નિમિતે યોજાયું હતું. જે વખતે વિશાળ સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા.

### શ્રી ક.દ.ઓ. જૈન સંઘ-પુના

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ સમસ્ત મહાજનનું પ્રતિનિધી મંડળે મહારાષ્ટ્ર તા.૧૧-૮-૧૨ના સાંજે જ્ઞાતિજન જાગરણ સંપર્ક અભિયાન હેઠળ પુનાની મુલાકાત લીધી હતી. સંઘ દ્વારા મેળાવડાનું આયોજન થયું.

સંઘ દ્વારા પ્રતિનિધિ મંડળનું સ્વાગત કરી અભિવાદન કરાયેલ. પ્રતિનિધિ મંડળમાં સર્વશ્રી મહેન્દ્ર મોમાયા, પ્રવિણ લોડાયા, ચિમન મોતા અને મહારાષ્ટ્ર એકમના સંક્રેટરી શ્રી દિપક પોલડીયા પધાર્યા હતા. ચોવિહારનો લાભ લઈ બેઠકની શરૂઆત નવકારસ્મરણથી થઈ. આ બેઠકમાં સારી સંખ્યામાં જ્ઞાતિજનો સહભાગી થયા હતા.

સંઘના સેક્રેટરી શ્રી મિલન પટેલે પધારેલ મહેમાનોને સંઘ વતી આવકાર આપેલ. ત્યારબાદ સમસ્ત મહાજન વતી શ્રી મહેન્દ્રભાઈ મોમાયાનું સન્માન સંઘના પ્રમુખ શ્રી દિનેશ પદમશી મોમાયાએ કરી, સ્વાગત કરેલ. શ્રી મિલનભાઈએ પુના સંઘ અને વસતાં જ્ઞાતિજનો માહિતી આ મેળાવડાના પરિપ્રેક્ષ્યમાં આપેલ. ત્યારબાદ સેક્રેટરી જનરલ શ્રી ચિમનભાઈ મોતાએ સમસ્ત મહાજનની પ્રસ્તાવના, માળખાકીય રચના અને હેતુ-ઉદ્દેશ્યો અંગે સવિસ્તર સમજ સાથે માર્ગદર્શન કરેલ. ત્યારબાદ સ્થાનિક જ્ઞાતિજનોના સૂચનો અને પ્રશ્નોની રજુઆત થઈ હતી.

સર્વશ્રી નવિનભાઈ નાગડા, કેશવજીભાઈ નાગડા, માણેકજી લોડાયા, શરદ નાગડા, જ્ઞાનેશ ડાગા, ભરત ભાટે, ખુશાલ મૈશેરી, રાજેન્દ્ર મોમાયા, સૌ. મોહિની લોડાયા વગેરેએ ચર્ચામાં ભાગ લીધેલ. પુનામાં બહારગામથી ભણવા આવનાર જ્ઞાતિના વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલની જરૂરિયાત વિષે વિસ્તૃત રજુઆત કરાઈ હતી.

આ ઉપરાંત મુંબઈ ખાતે અતિથિગૃહની જરૂરિયાત, સગપણની નિમણુંક જ્ઞાતિમાં “ટેલેન્ટ સર્ચ” કરી આશાસ્પદ યુવાઓને માર્ગદર્શન, સહાયતા આપવી, લગ્નપ્રસંગે અને અન્ય જાહેર કાર્યક્રમોમાં જમણવારના ખર્ચને નિયંત્રીત કરવા જાગૃતિ લાવવી. પ્રાર્થનાસભાની પ્રથામાં જરૂરી સુધારા કરવાં વગેરે જ્ઞાતિ સંલગ્ન વિષયો પર ચર્ચા થઈ અને તેના સુચનોની રજુઆત કરાઈ. જ્ઞાતિની જાહેર સમુહ પ્રવૃત્તિઓમાં પણ જ્ઞાતિ ધનનું વિવેકપુર્વક ઉપયોગ જરૂરી છે તેવો સુર વ્યક્ત થયો. શ્રી રાયચંદ આર નાગડાએ રજુઆતોનું સમાપન કરતાં બધા પ્રશ્નો અને સમસ્યાઓનો માત્ર સ્થાનિકે જ નહીં પરંતુ જ્ઞાતિસ્તરે સૌએ વિચાર કરવો રહ્યો એ બાબત પર ભાર અપાયો.

ત્યારબાદ શ્રી ચિમનભાઈએ જનજાગરણ અભિયાન દરમ્યાન વિવિધ બેઠકોમાં રજુ થયેલ સુચનો અને પ્રશ્નો સર્વસામાન્ય માહિતી આપેલ. જ્ઞાતિ પ્રશ્નો માટે જ્ઞાતિસ્તરે ઉકેલ લાવવા સમસ્ત મહાજન બધા મહાજનો સાથે સંકલન અને સમન્વયની ભુમિકા ભજવી જ્ઞાતિમાં એક સુત્રતા રચવા કટિબધ્ધ છે તેવી ભાવના નિવેદીત કરાઈ.


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...

TAN MAN® TOURS & TRAVELS

દાદર મુલુંડ પાર્લા

9323360708 • 25903514-5-6
24160708 • 32960708 • 65005758
tanmantravels@yahoo.co.in

॥ શ્રી ભોમિયાદાદાય નમઃ ॥

તીર્થ યાત્રાઓ અને પર્યટન ક્ષેત્રે
૨૫ વર્ષથી તમારી સાથે...

હોટલ-વાહન-વિમાન ટીકીટોની બુકીંગ અને
ગ્રુપમાં ટેઈલરમેડ ટુરો માટે... તન-મન ટુર્સ

SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI Continental™
MADHUBAN - JHARKHAND
શીખરજીની સર્વ પ્રથમ અને
એકમાત્ર આપણી પોતાની
★★★જેવી સુવિધાયુક્ત AC હોટલ

અંતે શ્રી મહેન્દ્રભાઈ મોમાયાએ પુનાસંઘના પ્રેમભાવ અને સરભરા બદલ આભાર વ્યક્ત કરેલ. પુના સંઘે સમસ્ત મહાજનને આ પ્રવૃત્તિઓ માટે પુર્ણ સાથ અને સહકાર આપવા ખાત્રી આપેલ. અને સમસ્ત મહાજનની પહેલને વધાવીને પુનાની મુલાકાત બદલ આભાર વ્યક્ત કરેલ.

### શ્રી કિશોર શીવજી મોતાનું નિધન

જાણીતા સામાજિક કાર્યકર, અખિલ ભારત અચલગચ્છ સંઘના ઉપપ્રમુખ, લાલા મહાજન અને મુલુન્ડ સંઘના અગ્રણી શ્રી કિશોર શીવજી મોતા (લાલા-મુલુન્ડ)નું તા.૨૪-૮-૧૨ના ૫૭ વર્ષની વયે દુઃખદ નિધન થયું. પોતાના બીલ્ડીંગ વ્યવસાય ઉપરાંત અનેક સામાજિક સંસ્થાઓમાં સક્રિય યોગદાન આપતા શ્રી કિશોરભાઈના અકાળ અવસાનના સમાચાર મળતાં જ્ઞાતિમાં ઘેરા શોક અને આઘાતની લાગણી પ્રસરી હતી.

સદગતના પરિવારજનોને શાંત્વના અને દિવંગત આત્માને પરમ શાંતિ મળો એવી પ્રાર્થના.

### પાલીતાણામાં પાણીનો અછત એ અફવા

હાલમાં પાલીતાણાંમાં પીવાના પાણીની અછત છે અને પાલીતાણા ખાલી કરાવાય છે. બધા આયોજનો રદ છે" એવી અફવાઓ ફેલાવાઈ છે. આને કારણે ત્યાં ધાર્મિક આરાધનાર્થે અને દર્શન-વંદનાર્થે જતાં યાત્રિકોને અસંમજસ ભરી સ્થિતિ સર્જાઈ છે.

હકીકતમાં આવી કોઈ વાત નથી. ચોમાસું નિષ્ફળ જાય કે અપુરતો વરસાદ હોય તો પણ યાત્રિકોની પુરેપુરી સુવિધા સાચવવા તમામ પ્રયત્નો કરાયા છે અને બધાજ કાર્યક્રમો અનુષ્ઠાનો યથાવત છે. તેમાં કોઈ ફેરફાર નથી. તેની સર્વેએ ખાસ નોંધ લેવા જણાવાયું છે.

ઉલટ દિનપ્રતિદિન નવા યાત્રિકોની નામાવલી મળી રહી છે અને યાત્રિકોની વણઝાર વણથંભી ચાલુ છે. આવી કોઈ અફવાઓ ફેલાવી ધર્મકાર્યમાં વિરાધનાના નિમિત ન બનીએ તેની સાવચેતી લઈએ. સુંદર ધર્મ આરાધના કરતા યાત્રિકો માટે પાણીની વ્યવસ્થા કરવી એ કંઈ આયોજકો માટે મુશ્કેલ વાત નથી.

### શ્રી સી.ડી.ઓ.જૈન એજ્યુકેશન સોસાયટી અંગ્રેજી સ્કુલ

અત્રે તા.૧૫ ઓગસ્ટના રાષ્ટ્ર ધ્વજારોહણ શા. લાલજી માણેકજી લોડાયાનાં શુભહસ્તે થયેલ. અતિથીવિશેષ તરીકે મહાજનશ્રીના પ્રમુખ શ્રી પ્રદીપ સોમચંદ ખોના બિરાજમાન હતા. સ્કુલનાં પ્રમુખશ્રી દિનેશચંદ કુંવરજી લોડાયા તથા સેક્રેટરી શ્રી ચંદ્રકાન્ત લાલજી લોડાયાએ અને મુખ્ય અતિથી તથા અતિથીવિશેષ પ્રાસંગીક પ્રવચન કરેલ. સ્કુલ તથા હાઈસ્કુલનાં બાળકોએ પરેડ કવાયત તથા યોગા અને સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરેલ છે.

શાળાની વર્ષ ૨૦૧૨-૧૪ માટે ચુંટાયેલ મેનેજીંગ કમીટી : દિનેશચંદ કુંવરજી લોડાયા-પ્રમુખ, હરીશ શીવલાલ મુનવર-ઉપપ્રમુખ, ચંદ્રકાંત લાલજી લોડાયા-સેક્રેટરી, સતિશ પ્રવિણચંદ લુઠીયા-સહમાનદમંત્રી, કારોબારી સભ્યો : વિરેન્દ્ર પદમશી લોડાયા, નલીન માણેકજી મોતા, ભરત લાલજી લોડાયા, વીપીન રતીલાલ મોતા, કુમારપાલ નવિનચંદ્ર લાલકા, વિપુલ કાંતિલાલ શાહ, સુજીવ જવેરચંદ સોની, કમલેશ ત્રિકમજી શાહ, હિતેન્દ્ર ખીમજી વીરા, રમેશ અરજન પટેલ, દિપીકા જયેશ શાહ, શિલ્પા ગીરીશ નાગડા, સહસભ્યો : વિપુલ નરેન્દ્ર લુઠીયા, રવિન્દ્ર કુંવરજી લોડાયા

### ખાનદેશ ક.દ.ઓ. સાધર્મિક ઉત્કર્ષ નિધિ

મહારાષ્ટ્રના ખાનદેશ વિભાગમાં રહેતા જ્ઞાતિજનોના સર્વાંગીણ વિકાસાર્થે પારોલા તીર્થમાં શ્રી શાંતિનાથ દાદાની શીતલ છત્રછાયામાં, શેઠ નરશી નાથાની સમક્ષ સમુહ ક્ષમાપના પ્રસંગે સૌના સથવારે ખાનદેશના જ્ઞાતિબંધુઓને સહાય રૂપ થવા એક યોજના સાકારવામા આવી. જ્ઞાતિબંધુઓમાં સંપર્ક-સંગઠન ભાવના વધારવા અને જ્ઞાતિ પરિવારોના ઉત્કર્ષ અને સ્વાવલંબન માટે એક નવો અભિયાન આદરેલ છે. જેમાં ખાનદેશના જ્ઞાતિજનો માટે ઉચ્ચ શિક્ષણ, જરૂરી તબીબી સેવા, સાધર્મિકભક્તિ અને મહિલા ગૃહઉદ્યોગ પ્રવૃતિ માટે સર્વથા પ્રયત્ન કરાશે અને સહાયભુત થવામાં આવશે.

આ માટે ખાનદેશ વિભાગમાં જનસંપર્ક કરી સર્વેક્ષણ કરાશે અને ખાનદેશ ક્ષેત્રના જ્ઞાતિજનોની જરૂરીયાતો-પ્રશ્નો અંગે વિચારાશે અને તેને પહોંચી વળવા ઉદારદિલે

જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત
**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર**
(વરાડીયા-મલકાપુર)
**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**
**Asia's First ISO 9001:2000 Certified Gin Press**

સ્વૈચ્છિક ફંડ એકત્ર કરાશે. આ બાબતે આ ક્ષેત્રના દરેક ગામે મહાજનોનો સાથ સહકાર લઈ તેમના સમન્વયથી આ સામાજિક સેવાનું કાર્ય કરાશે. એમ કાર્યકર શ્રી દીપકભાઈ પોલડીયાએ જણાવ્યું છે.

ધાર્મિક કાર્યો સાથે સાથે સામાજિક જવાબદારી સંભાળવા સમયાનુસાર જરૂરી પ્રવૃતિઓ વિકસાવવા આ યોજના ઉપયોગી પુરવાર થશે.

### શ્રી ક.દ.ઓ. જૈન મહારાષ્ટ્ર એકમ-કારંજા/મુર્તિજાપુર

મંચની બેઠક સૌ. હંસાબેન લલીત ગોસરના ઘરે નવકારમંત્ર પઠન બાદ બેન્કીંગ વિષયે રાહુલ લલીત ગોસરે, બેન્કની વિવિધ સુવિધાઓ, બેન્કમાં કેમ ખાતું ખોલાય, પૈસા કેવી રીતે ભરવાના અને કાઢવાના, ડી.ડી./ચેક વગેરે, કેમ કાઢય વગેરે સારી સમજણ આપી. એક મિનીટની ગેમ રમાડવામાં આવી. જેમાં વિજેતા સૌ. યોગીતા બીપીન ગોસર પહેલા અને સૌ નેહલ આશીષ મોતા બીજા આવેલ.

અષાઢી બીજના મહિલા મંચ તરફથી મહાકાળી માતાજીની ભાવના રાખવામાં આવી. બધીજ બહેનોએ ભક્તિની સારી સમઝટ જમાવી. બધાં જ બાળકોને શ્રી હિરાબેન લહેરચંદ ગોસર તરફથી સ્કેચપેનના બોક્સ ભેટ અપાયા. તેમજ નવલખા જાપના આરાધકોને સૌ. કોમલબેન દીલીપ લોડાયા તરફથી પ્રભાવના અપાઈ.

તા.૫-૮-૧૨ના મંચની બેઠક હિરાબેન લહેરચંદ ગોસરના ઘરે મળેલ. નવકાર મંત્ર પઠન બાદ એક મિનીટની બે ગેમ રમાડવામાં આવેલ. જેમાં પહેલી ગેમમાં વિજેતા સૌ. પાયલ જીનન લોડાયા પહેલા અને સૌ. કોમલ દિલીપ લોડાયા બીજા આવેલ. દોરામાં મમરા પરોવવાની ગેમમાં વિજેતા સૌ. યોગીતા બીપીન ગોસર પહેલા અને સૌ. રૂપાબેન નંદીષ લોડાયા બીજા આવેલ. વિજેતાઓને ઈનામ આપી પ્રોત્સાહીત કરાયા. ઠંડા પીણાની મજા માણી સૌ છૂટા પડ્યા.

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-દાવણગેરી

અત્રે તા.૨૧-૮-૧૨ના સર્વે જ્ઞાતિજનોએ સંવત્સરી પ્રતિક્રમણ શ્રી સુર્યકાંત મુલજી નાગડાના નિવાસસ્થાને કરેલ. તા.૨૨-૮-૧૨ના સામુહિક ક્ષમાપના પણ તેમના નિવાસસ્થાને કરવામાં આવી. તેમના પરિવાર તરફથી અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવી અને શ્રી સુર્યકાંત મુલજી નાગડા અને કિશોરચંદ મુલજી લોડાયા તરફથી સંઘપૂજન થયેલ. મહાજનશ્રીને એ બન્ને પરિવાર તરફથી તેમના છોકરાઓના લગ્નપ્રસંગની ભેટ મળેલ.

દર મહિને અત્રે મહાકાળીમાતાની ભાવના કરવામાં આવશે. પ્રકાશ સમીક્ષાના માનદ પ્રતિનિધી તરીકે શ્રી મણીલાલભાઈ ગોસરની નિમણુંક થઈ છે.


શુભેચ્છા સહ....

**શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)**

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.


### પૂ.સા.શ્રી કલાપ્રભસુરીજીની નિશ્રામાં પર્વઆરાધના

મુંબઈ જોગેશ્વરી અચલગચ્છ સંઘમાં પૂ.આ.શ્રી કલાપ્રભસાગરસુરીજી આ.ઠા.ની નિશ્રામાં સુંદર ચાતુર્માસ આરાધના અને પર્વ પર્યુષણની ઉજવણી થઈ.

યુવા પ્રવચનકાર મુનિ શ્રી હેમચંદ્રસાગરજીએ હૃદયસ્પર્શી પ્રવચનો, કલ્પસૂત્ર-બારસાસૂત્રનું વાંચન કરેલ. આઠે દિવસ સંઘ તરફથી સાધર્મિક ભક્તિ હતી. તપ-જપ-વ્રત-ધૃતની સુંદર પ્રભાવના થઈ. ૨ માસક્ષમણ, એક સોળભત્થો અને ચાલીસેક જણા અઠ્ઠાઈ તપનાં આરાધક હતા. ૩૭ જણા ચોસઠ પ્રહરી પૌષધવાળા હતા. સ્વપ્નનું કુલ ધૃત ૬ લાખ મણ જેવું થયું અને જીવદયામાં રૂ.પાંચેક લાખ ફાળો થયો. આ ઉપરાંત સાધારણ ખાતામાં ફંડ વૃધ્ધિ થઈ. દરરોજ વ્યાખ્યાન, પુજા, પ્રતિક્રમણ, આંગી અને ભાવના આદિ કાર્યક્રમો રહેતા હતા.


**સનસીટી ડેવલપર્સ-ભુજ**

**સનસીટી-૩**

**નવમી મીટીંગના વિજેતાઓને અભિનંદન**

| ટોકન | ઈનામ | ભાગ્યશાળી મેમ્બરનું નામ | પ્રતિનિધિ |
|---|---|---|---|
| 1525 | TVS વીક્ટર | જાગીર હાજીકાસમ કુરેશી-ભુજ | અઝહર બી. સુમરા |

કોમ્પ્યુટર સેટઃ ૩૬, હેન્ડીકેમ કેમેરો : ૭૩૮, ફ્રિઝ ૨૩૦ લિ. ૪૫, આટા મેકર : ૮૧

**-: આશ્વાસન ઈનામો :-**

(૧. ફ્રિઝ) : ૧૨૦૨, (૨.ટીવી) : ૧૨૫૩, (૩.વોશીંગ મશીન) : ૧૪૮૪,
(૪ થી ૫ ઓવન) : ૧૫૫૭, ૧૯૭૬
(૬ થી ૧૦ ડીવીડી પ્લેયર) : ૬૧, ૪૧, ૪૯૫, ૧૬૮૨, ૯૭૫
(૧૧ થી ૧૫ મિક્ષ્ચર જ્યુસર): ૧૫૨૬, ૫૪૮, ૧૨૦૧, ૧૧૬૦, ૧૫૩૨
(૧૬ થી ૨૫ સેન્ક્વીચ મેકર): ૯૦૨, ૭૪૩, ૯૮૧, ૫૯૨, ૧૭૪૫, ૧૯૯૯, ૧૬૩, ૭૧૫, ૩૦૪, ૧૮૪
(૨૬ થી ૩૫ સોડા મેકર) : ૧૬૨૮, ૫૨૦, ૧૯૩૫, ૩૬૯, ૭૬૮, ૧૯૫૮, ૨૮૬, ૧૪૮, ૧૮૮૩, ૬૭૫
(૩૬ થી ૪૫ મોબાઈલ કલર) : ૧૬૭૧, ૯૮૨, ૧૬૭૭, ૧૯૨૨, ૪૬૪, ૭૮૫, ૫૪૪, ૬૧૯, ૧૮૨૦, ૫૪૯
(૪૬ થી ૬૫ મીક્ષ્ચર ગ્રાઈન્ડર) : ૧૦૬૯, ૩૭૩, ૭૫૨, ૯૬૧, ૨૦૮, ૨૯૮, ૧૩૧, ૧૮૩૧, ૨૯, ૧૬૯૦, ૧૦૨૧, ૧૨૮૨, ૧, ૫૮૩, ૩૪૫, ૧૦૩૯, ૮૬૪, ૧૮૩૬, ૪૪૦, ૧૪૮૬
(૬૬ થી ૮૦ હેન્ડ બ્લેન્ડર): ૫૯૯, ૧૦૧૫, ૫૮, ૩૪૬, ૨૬૯, ૧૦૪૨, ૧૪૩૩, ૩૬૪, ૧૨૪૭, ૧૨૧૫, ૪૫૧, ૧૦૬૪, ૧૨૫, ૮૮, ૯૭૯

**દશમી મિટિંગ તા.૧૪-૯-૧૨ રોજ રાખેલ છે.**

ભુલચુક ક્ષમ્ય છે - ઈનામ આઈટમો ઓફિસેથી મેળવી લેવી.

**૧૧૪, પહેલા માળે, ધવલ કોમર્શીયલ, છઠ્ઠીબારી રીંગ રોડ, ભુજ-કચ્છ. મો. : 99096 47953**

**સૌજન્ય : શ્રી ભલારાદાદા એસ્ટેટ એજન્સી ગ્રુપ (પરિવાર)**

## નવા/બદલાયેલા સરનામા-ફોન નંબર (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

**મિતેશ જગદીશ નાગડા** ગૌશાલા, કોપલ-૫૮૩૨૩૧ ફોન : ૦૯૮૪૫૩૬૬૨૫૧

**કાંતિલાલ દામજી મોતા** પ્લોટ ૨૭-૨૮, દીપ્તી રેસીડન્સી, ફ્લેટ ૪૦૭, ફાનીગીરી કોલોની હૈદરાબાદ-૫૦૦૦૬૦

**મણીલાલ દામજી મોતા (તેરા)** H.No.15-2-602/1, ૧લે માળે, મહારાજ ગંજ, હૈદરાબાદ-૫૦૦૦૧૨. ફોન:9395594763/9396366239

**પ્રકાશ હીરાચંદ મૈશેરી** ૭ સતગુરૂ એપા.. ખેર શેક્શન, પ્લોટ ૫૮૭, શિવમંદિર રોડ, અંબરનાથ (ઈ)-૪૦૦૫૦૧

**નરેન્દ્ર ચિમનલાલ મોતા(લાખણીયા)** ૮, ગજાનન નિવાસ, ૧લે માળે, ડી.એન.સી.સ્કૂલ પાછે, હનુમાન નગર, ડોંબિવલી (ઈ) ફોન:9892288458

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતી અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ (બાળકનું નામ નાખ્યા બાદ જન્મનોંધ મોકલો.)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૭-૭-૧૨ | ડોંબિવલી | TRDD010903 | સારા-પ્રણય ધનપાલ દંડ | તેરા | કન્યા |
| ૨૪-૭-૧૨ | ભાંડુપ | DALO011503 | પાર્થ-જીતેન બકીમ લોડાયા | દલતુંગી | પુત્ર |

### સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૯-૮-૧૨ | મલાડ | TRMT030803 | ચિંતન ભૂપેન્દ્ર ડુંગરશી મોતા | તેરા | ૨૬ |
| | ડોંબીવલી | SMMA010304 | મિતલ દિનેશ માડણ મૈશેરી | મોટીસિંધોડી | ૨૩ |
| ૯-૮-૧૨ | બેંગલોર | SUDH0304103 | વિવેક ઉમેશ ધનજી ધરમશી | સુથરી | ૨૫ |
| | કલકત્તા | SDLO020304 | સિમોની દિનેશ પદમશી લોડાયા | સાંધવ | ૨૪ |
| ૯-૮-૧૨ | ટીટવાલા | NLNG220303 | રાહુલ ટોકરશી પદમશી નાગડા (ધુમ) | નલીયા | ૨૯ |
| | કોઈમ્બતુર | SIMO031003 | ભૈરવી અશોક મેઘજી મોમાયા (પટેલ) | સાંયરા | ૨૬ |
| ૯-૮-૧૨ | બોરીવલી | KRKN010503 | મિલીંદ યોગેન્દ્ર વેલજી ખોના (પાલાણી) | કોઠારા | ૩૨ |
| | ડોંબિવલી | TRNG010903 | કુંતલ મહેન્દ્ર કલ્યાણજી નાગડા | તેરા | ૨૮ |
| ૧૦-૮-૧૨ | મુલુંડ | BHDD041103 | વિરલ રાજેશ માણીલાલ દંડ | ભરૂડીયા | ૨૩ |
| | ભાંડુપ | DALO0901505 | પ્રિયા બંકીમ લખમશી લોડાયા | દલતુંગી | ૨૨ |
| ૧૩-૮-૧૨ | ડોંબિવલી | SULO0110403 | હેમાંગ શૈલેન્દ્ર જયંતિલાલ લોડાયા | સુથરી | ૩૨ |
| | જલગામ | SUDD20203 | ઉર્મી ભરત સુમનલાલ દંડ | સુથરી | ૨૮ |
| ૧૩-૮-૧૨ | મુલુંડ | PRNG020503 | ગૌરવ વિરેન્દ્ર ઉત્તમચંદ નાગડા (મે.પાણી) | પરજાઉ | ૨૯ |
| | રાયપુર | SNMA010903 | પ્રિયા પ્રવિણ માણેકજી મૈશેરી | નાનીસિંધોડી | ૨૬ |
| ૨૫-૮-૧૨ | કોચીન | SIMA020903 | મેહુલ ભૂપેન્દ્ર જવેરચંદ મૈશેરી | સાંયરા | ૩૦ |
| | ભાંડુપ | JKDH030404 | બીના વાલજી વિરચંદ ધરમશી | જખૌ | ૨૬ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૩-૮-૧૨ | મલાડ | TRMT030504 | જય ભૂપેન્દ્ર ડુંગરશી મોતા | તેરા | ૨૬ |
| | કાંદીવલી | A | મેઘા મુકુંદ હીરાલાલ કારાવાલા | ખંભાત | ૨૬ |

### લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૪-૬-૧૨ | ચીંચપોકલી | LLDD050303 | અંકુશ દિલીપ રતનશી દંડ | લાલા | ૨૪ |
| | અમદાવાદ | SAMA050204 | ડો.. હર્ષીની અતુલ રમેશચંદ્ર મૈશેરી | સાંધાણ | ૨૨ |

### આંતરજ્ઞાતિય લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૨-૬-૧૨ | ભાંડુપ | MSLO040205 | દિપેશ પ્રફુલ ધનજી લોડાયા | મંજલરેલડીયા | ૩૨ |
| | ચુડા | A | નેહા પિયુષ અમૃતલાલ શાહ | ચુડા | ૨૮ |
| ૨૬-૭-૧૨ | મસ્જીદ | LLMA031603 | આશીષ ઉત્તમચંદ ગોવિંદજી મૈશેરી | લાલા | ૩૫ |
| | મસ્જીદ | A | ચૈતાલી મહેશ નારાણજી ઠક્કર | પત્રી | ૩૩ |

### મરણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૭-૮-૧૨ | મુલુંડ | JKMA060901 | વાલજી ઉમરશી દેવશી મૈશેરી | જખૌ | ૭૭ |
| ૨૧-૮-૧૨ | યવતમાલ | TRLO042001 | નયન પદમશી દામજી લોડાયા | તેરા | ૪૮ |
| ૨૩-૮-૧૨ | ઘાટકોપર | KRLO | લક્ષ્મીબાઈ શીવજી લોડાયા | કોઠારા | ૮૫ |
| ૨૪-૮-૧૨ | મુલુન્ડ | LLMT031101 | કિશોર શીવજી વેલજી મોતા | લાલા | ૫૭ |

# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-પુનાના આંગણે તા.૧૧-૮-૧૨ના સમસ્ત જ્ઞાતિ મહાજન દ્વારા જ્ઞાતિ જનજાગરણ-સંપર્ક અભિયાન અંતર્ગત મેળાવડો



કાર્યક્રમ સંચાલન કરતા
મંત્રી શ્રી મિલન પટેલ



મંચપર બિરાજમાન સમસ્ત જ્ઞાતિ મહાજનનું પ્રતિનિધી મંડળ
અને પુના મહાજનના પ્રમુખ શ્રી દિનેશ મોમાયા



સમસ્ત મહાજન સેક્રેટરી જનરલ
શ્રી ચીમન મોતા



મેળાવડામાં ઉપસ્થિત પુના સંઘની બહેનો



સમસ્ત મહાજનના મેનેજીંગ ટ્રસ્ટી
શ્રી મહેન્દ્ર મોમાયાનું બહુમાન કરતા સંઘ પ્રમુખ

## અભિવાદન... અભિનંદન....



**દિપેશ સોમચંદ ખોના**

(તેરા (સુખપરીયા) - ઘાટકોપર)

સૌ. નયના સોમચંદ ખોનાના સુપુત્ર ચિ. દિપેશને

C.A.માં ઉત્તીર્ણ થવા બદ્દલ હર્ષાભિનંદન....

જોઈ તારી અનેરી સફળતા...
મન અમારું પણ હરખાય છે,
સદા રહે ઉજ્જવળ તારું ભવિષ્ય,
એવા આશિષો અપાય છે...

※ અંતરના આશિષ ※

દાદા-દાદી : કુંવરબાઈ વિશનજી ખોના (સુખપરીયા)
નાના-નાની: નિર્મલાબાઈ ગોવિંદજી લોડાયા-રતાણી (તેરા)
કાકા-કાકી : મધુબેન જીતેન્દ્ર ખોના (ઘાટકોપર)
બહેન-બનેવી : હેતલ હિતેશ ગોવિંદજી પટેલ (સાંધવ-મુલુન્ડ)
કાકા : મહેન્દ્ર વિશનજી ખોના (ઘાટકોપર)

## CONGRATULATIONS !!!



DEVESH HIRACHAND NAGDA
(TERA-BHANDUP)

Devesh has successfully completed MBA with specilisation in (HR) securing 1st Division from SIMSR.

※ શુભાશિષ ※

અ.સૌ. જયાબેન હિરાચંદ નાગડા (ભાંડુપ)
અ.સૌ. દમયંતીબેન પ્રફુલ લોડાયા (ડોંબિવલી)
અ.સૌ. નમ્રતા દેવેન શાહ

# સ્મરણાંજલિ



મનુષ્ય ગતિમાં અવતરણ :
તા.૦૨-૦૮-૧૯૫૮

મોક્ષગતિ તરફ ઉર્ધ્વારોહણ :
તા.૧૨-૦૮-૨૦૧૨

## ડો. સુનીલ દેવશી ડાઘા

(વરાડીયા-કોઈમ્બતુર)

માતુશ્રી ગંગાબેન દેવશી ડાઘાના ધર્મપ્રેમી વિશાળ પરિવારના સૌથી નાના અને લાડકા પુત્ર હતા **ડો. સુનીલ દેવશી ડાઘા**, વ્યવસાયે ડોક્ટર તરીકે સેવા આપતા ડો. સુનીલ ડાઘાએ ટૂંક સમયમાં સરળતાના સોપાન સર કર્યા. જેમાં તેમના ધર્મપત્ની ડો. વાસંતી ડાઘાનો પૂર્ણ સહકાર મળ્યો. ડો. સુનીલ ડાઘા વ્યવસાયમાં વ્યસ્ત હોવા છતાં ધર્મમાં ખૂબ જ રૂચિ રાખતા હતા. તેઓએ ૧ માસક્ષમણ, ૧ વખત ૨૧ ઉપવાસ, ૨ સોળભત્થા અને ૬ અઠ્ઠાઈ તપ સાથે ઘણાં ધર્મ અનુષ્ઠાન શ્રધ્ધા અને ભાવપૂર્વક કર્યા છે.

વિધિપક્ષ ગચ્છ અચલગચ્છના સ્થાપક પૂ.આ.ભ. શ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી મ.સા.ની નવમ્ શતાબ્દી વર્ષની ઉજવણી તથા રાષ્ટ્રસંત ભારત દિવાકર પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ના જન્મશતાબ્દી વર્ષ તથા સંયમ હિરક વર્ષની ભવ્ય ઉજવણી નિમિત્તે ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-કોઈમ્બતુર સંચાલિત જૈન અચલગચ્છ ટ્રસ્ટના ઉપક્રમે પર્વાધિરાજ પર્યુષણ પર્વની આરાધનામાં સામૂહિક અઠ્ઠાઈ તપસ્યા થાય તેવી ઉચ્ચત્તમ કોટિની ભાવના સાથે તેમણે ધર્મ અભિયાન શરૂ કર્યું. કાર્યકર્તાઓની સાથે ઘરે ઘરે જઈને તેમણે સર્વે સભ્યોને તપસ્યા કરવાની શુભ પ્રેરણા આપી. શ્રેષ્ઠ વ્યક્તિની દુનિયામાં આવશ્યકતા હોય છે ત્યારે તેમની ભગવાનના ઘરે તેનાથી પણ વધારે જરૂર હોય છે તે કહેણને સાચું પાડતા આ ધર્મપ્રેમી મહાનુભાવનો આત્મા તા.૧૨ ઓગસ્ટ ૨૦૧૨ના મોક્ષગતિ તરફ ઉર્ધ્વારોહણ કરી ગયો...

ડો. સુનિલ ડાઘા હવે સદેહે આપણી વચ્ચે નથી, પરંતુ તેમના દ્વારા શરૂ થયેલા ધર્મ અનુષ્ઠાનમાં જોડાઈને બાવન ધર્મપ્રેમી આરાધકોએ સામુહિક અઠ્ઠાઈ તપ કરતાં તેઓની સાથે ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-કોઈમ્બતુર આ સેવાભાવી મહાનુભાવને કુસુમાંજલિ અર્પણ કરે છે

અર્પીએ શ્રધ્ધાનાં સુમન...

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-કોઈમ્બતુર**

॥ શ્રી મુનિસુવ્રતસ્વામીને નમો નમઃ ॥

# કોઇમ્બતુરનું ગૌરવ

॥ શ્રી ગુણ-ગુણોદય-કલાપ્રભસૂરીભ્યો નમો નમઃ ॥

કોઈમ્બતુરમાં અચલગચ્છ ટ્રસ્ટના આંગણે દાદાગુરૂ પૂ. આર્યરક્ષિતસાગરસુરીજી (અચલગચ્છ પ્રવર્તન)ની નવમી શતાબ્દિ અને પૂ.આ.શ્રી ગુણસાગરસુરીજીની જન્મશતાબ્દિ અને સંયમ હીરક વર્ષ ઉજવણી નિમિત્તે આ ચાતુર્માસ-પર્યુષણ પર્વમાં **સામુહિક અઠ્ઠાઈ તપ આરાધના મહોત્સવ**માં જોડાયેલા બાવન આરાધકો જેમાં અઢાર જણાએ તો પ્રથમવાર જ અઠ્ઠાઈતપ કરેલ છે. તપસ્વીઓને અભિનંદન-અનુમોદના.. આ સમુહ અઠ્ઠાઈતપ આરાધનાના પ્રેરણાસ્ત્રોત ધર્મપ્રેમી **સ્વ.શ્રી ડો.સુનિલ દેવશી ડાઘા** (વરાડીયા-કોઈમ્બતુર) હતા.. જેમણે આવી સુંદર ભાવના પ્રેરી કોઈમ્બતુર મહાજનશ્રીનું નામ ગૌરવાન્વિત કર્યું.. એમની ભુરી ભુરી અનુમોદના...



આકાશ મયૂર નાગડા | અંકિત નીતિન લોડાયા | અનિતા હીરાચંદ લોડાયા | ભરત રાયચંદ લોડાયા | ભાવેશ દિનેશ લોડાયા | ભવિક કીર્તિ મોમાયા | ભવિક રાજેશ શાહ | ભૈરવી હિરેન ડાઘા



ભવાની વરૂણ ડાઘા | ધૈર્ય ભાવેશ લોડાયા | દર્શન વિજય ડાઘા | દીપા ભવિક મોમાયા | દિના પ્રદીપ લોડાયા | દીપ્તિ કેતન ગાલા | ગૌરવ ભરત શાહ | હિરેન અશોક ડાઘા



હિરલ ભાવેશ લોડાયા | હીના મયૂર નાગડા | હેમા કમલેશ લોડાયા | જીનેશ પ્રદીપ લોડાયા | જૂહી કેતન લાલકા | જીજ્ઞા નિશીત નાગડા | કરણ શરદ લોડાયા | કવીશ ચંપકલાલા શાહ



કુણાલ કે. ઘરમશી | કિન્નરી ભાવેશ લોડાયા | કોમલ કુમારપાળ ડાઘા | કુસુમ અનિલ ડાઘા | ખુશ્બૂ મયૂર નાગડા | મિતાલી નિલેશ શાહ | મધુબેન દીપક દેસાઈ | મોહિતા વિજય લોડાયા



નમન લીતિન લોડાયા | નીકિતા કમલેશ લોડાયા | નંદિની કેતન લાલકા | ડો. પ્રતીક સુનિલ ડાઘા | પ્રતિમા સુનિલ ડાઘા | પ્રિયા રાજીવ દેસાઈ | પ્રીતિ ભૂપેન મૈશેરી | પલ્લવી કવીશ શાહ



રાજીવ દીપક દેસાઈ | રૂપા સંજય ખોના | સિધ્ધાંત કમલેશ નાગડા | સંજય હીરાચંદ ખોના | સોનલ મનીષ મૈશેરી | શીતલ સંદીપ મૈશેરી | ટીના દિવાકર (USA) | વિશીત લીતિન લોડાયા



વરૂણ સૂર્યકાંત ડાઘા | નીલમ દલેશ મોમાયા | અક્ષિતા દલેશ મોમાયા | ઉર્મિલા રાઠોડ

**પૂ. દેવ-ગુરૂ પસાયે સૌ તપસ્વી શાતામાં છે.**

**સામુહિક અઠ્ઠાઈ તપના પ્રેરક બળ**



સ્વ. ડૉ. શ્રી. સુનિલ દેવશી ડાઘા

**~ અનુમોદના ~**
**શ્રી ક.દ.ઓ.**
**જૈન જ્ઞાતિ મહાજન**
**કોઈમ્બતુર**

**ધન્ય આપની તપોભાવના! વધી જિનશાસન પ્રભાવના...**

**C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640**
Postal Regd. No.MH/MR/East/53/2012-14
**Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.**

# શ્રદ્ધાસુમન

જન્મ
૧૪-૨-૩૯

દેહવિલય
૨૭-૭-૧૨



સાંઘવરત્ન

## સ્વ. શ્રી મુલજી રાઘવજી લોડાયા

(પ્રમુખ-શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-સાંઘવ)

આપ હંમેશા અમારે માટે
એક અડીખમ વ્યક્તિત્વ રહ્યા છો.
આપના ચહેરા પરની સ્થિર રેખાઓ
એટલે આપનો દઢ, અચલ નિર્ધાર.
આપના સંકલ્પો એટલે
સંજોગોનેય પલટાવવાની અજબ જાદુગરી.
આપનું જીવન જ અમારે માટે છે
એક અવિરત પ્રેરક આનંદધારા...
કોઈવાર દૂર ક્ષિતિજ પર વિખરાતાં વાદળોમાં
હું આપના ચહેરાનો અણસાર પામું છું ત્યારે
એમાં પ્રાચીન ઋષિના મંત્રગાનના
શબ્દો પડઘાયા કરે છે
અને હું મારી આસપાસમાં આપને
શોધવા લાગું છું.

✻ શોકાતુર ✻

પત્ની : કાન્તા મુલજી લોડાયા

To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA**, C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078.
Editor : **Raichand R. Nagda**